અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ ઓક્ટોબર ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૨, કારતક સુદ ૯ | અંક : ૧૧૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મુઝફ્ફરપુરની જનસભામાં વડાપ્રધાનના રાહુલ ગાંધી-તેજસ્વી પર પ્રહાર

## બે યુવરાજોએ ખોટા વાયદા આપવાની દુકાન ખોલી : મોદી

### ૧૩ થી ૧૫ એપ્રિલ વચ્ચે દેશના અલગ-અલગ ભાગોમાં તહેવારોની ધૂમ જોવા મળશે : હું દેશના લોકોને આ તહેવારોની ખૂબ-ખૂબ શુભેચ્છા આપું છું : મોદી


**। (એજન્સી) પટના, તા.૩૦ ।**

વિધાનસભા ચૂંટણીની ઘોષણા પછી બીજી વખત બિહાર પહોંચેલા પીએમ મોદીએ પહેલાની તુલનામાં એકદમ અલગ અંદાજ બતાવ્યો. આ વખતે તેમણે વિપક્ષી દળો, ખાસ કરીને આરજેડી (RJD) અને કોંગ્રેસના નેતાઓ દ્વારા લગાવવામાં આવેલા આરોપોનો જવાબ આપ્યો. આ સાથે જ તેમણે જંગલરાજ અને કુશાસનના નામે વિપક્ષને ઘેર્યા પણ ખરા. પીએમ મોદીએ બુધવારે મુઝફ્ફરપુરની જનસભામાં રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે બિહારમાં બે યુવરાજોએ જૂઠા વાયદાની દુકાન ખોલી રાખી છે. એક યુવરાજ ભારતના સૌથી ભ્રષ્ટ પરિવારના છે, તો બીજા બિહારના સૌથી ભ્રષ્ટ પરિવારના છે. આ બંને હજારો કરોડોના કૌભાંડમાં જામીન પર છે. આ બંનેએ બુધવારે મોદીને ભરપૂર ગાળો આપી. હવે જે લોકો નામદાર છે, તે આ કામદારને ગાળો તો આપશે જ. મને ગાળ આપ્યા વિના, તેમનું ભોજન હજમ થતું નથી. દલિત અને પછાત વર્ગના લોકોને ગાળો આપવી આ નામદારો પોતાનો જન્મસિદ્ધ અધિકાર સમજે છે. તેથી આ લોકો ૨૪ કલાક મને ગાળો આપતા રહે છે. કારણ કે તેમને એ સહન થતું નથી કે એક પછાતનો દીકરો અને ચા વેચનારો આજે અહીં (આ પદ પર) પહોંચી ગયો છે. ગાળો આપનારાઓ કાન ખોલીને સાંભળી લો, આ ગરીબનો દીકરો જનતાના આશીર્વાદથી અહીં સુધી પહોંચ્યો છે. આ અંગે પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, આરજેડી અને કોંગ્રેસનો ઝઘડો આજની સાચી ખબર છે. હવે તેમનો સંબંધ તેલ અને પાણી જેવો થઈ ગયો છે. બિહારમાં ચારે તરફથી સમાચાર આવી રહ્યા છે કે કેવી રીતે આરજેડી અને કોંગ્રેસના કાર્યકર્તાઓ એકબીજા પ્રત્યે દુશ્મની બતાવી રહ્યા છે. જામીન પર ચાલી રહેલા બંને યુવરાજોએ બુધવારે એવું દેખાડવાનો પ્રયત્ન કર્યો કે તેમના વચ્ચે કોઈ મનમોટાવ નથી. તેમને જે વસ્તુ એકસાથે લાવી છે, તે છે સત્તાની લાલચ. તેમને ગમે તેમ કરીને બિહારની સરકાર પર કબજો કરવો છે, જેથી આ લોકો ફરીથી બિહારને લૂંટી શકે. ફરીથી જંગલરાજ પાછું લાવી શકે. પીએમ મોદીએ જનતાને પૂછ્યું કે, તમે જણાવો, શું તમે જામીન પર છૂટેલા આ બંને યુવરાજોને બિહાર લૂંટવા દેશો ખરા? આજે દરેક સરવેમાં એક વાત ખૂલીને સામે આવી રહી છે કે આ ચૂંટણીમાં આરજેડી અને કોંગ્રેસની સૌથી મોટી હાર થવા જઈ રહી છે.

### શરદ પવારના પૌત્ર સામે પોલીસ ફરિયાદ

## મહારાષ્ટ્રમાં ડોનાલ્ડ ટ્રમ્પનું આધાર કાર્ડ બનાવવામાં આવ્યું

**। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।**




મહારાષ્ટ્રમાં એક ધારાસભ્ય સામે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે નકલી આધાર કાર્ડ બનાવવાના આરોપમાં FIR દાખલ કરવામાં આવી છે. ધારાસભ્ય રોહિત પવાર પર નકલી આધાર કાર્ડ કેસમાં આરોપ મૂકવામાં આવ્યો છે. આ ધારાસભ્ય NCP (શરદ પવાર જૂથ)ના રોહિત પવાર છે. મુંબઈના દક્ષિણ પ્રાદેશિક સાયબર પોલીસ સ્ટેશનમાં આ કેસ નોંધવામાં આવ્યો છે. જણાવી દઈએ કે, પોલીસે IT એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. આ ફરિયાદ ભાજપના સોશિયલ મીડિયા કોઓર્ડિનેટર દ્વારા દાખલ કરવામાં આવી છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ માટે નકલી આધાર કાર્ડ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું. ધારાસભ્ય રોહિત પવારનું નામ આ સમગ્ર મામલા સાથે જોડાયેલું છે. રોહિત પવારે એક પ્રેસ કોન્ફરન્સમાં ખુલાસો કર્યો કે, તેમણે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ટ્રમ્પનું આધાર કાર્ડ કેવી રીતે મેળવ્યું હતું. પવારે કહ્યું કે, તેમનો ધ્યેય આધાર કાર્ડમાં રહેલી ખામીઓને ઉજાગર કરવાનો હતો. જોકે, નકલી આધાર કાર્ડ બનાવવું એ સજાપાત્ર ગુનો છે. ભાજપના એક નેતાની ફરિયાદ બાદ પોલીસે કાર્યવાહી કરી હતી. રોહિત અને વેબસાઈટ બનાવનારા અને તેનો ઉપયોગ કરનારાઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરવા, સિસ્ટમ સાથે છેડછાડ કરવા અને ઓળખ છુપાવવાના આરોપ સર તેમની સામે FIR દાખલ કરવામાં આવી છે. NCPના સ્થાપક અને પૂર્વ મુખ્યમંત્રી શરદ પવારને પાંચ ભાઈ-બહેન હતા. તેમાંથી એક અપ્પા સાહેબના પુત્રો, રાજેન્દ્ર અને રણજીત હતા. રાજેન્દ્ર પવારના પુત્ર, રોહિત પવારે ૩૭ વર્ષની ઉંમરે રાજકારણમાં પોતાનું કૌશલ્ય દર્શાવ્યું હતું.

### અમે ભારત સાથે ટ્રેડ ડીલ કરવાની તૈયારીમાં : ટ્રમ્પનો ફરીથી દાવો


**। (એજન્સી) સીઓલ, તા.૩૦ ।**

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ફરીથી દાવો કર્યો છે કે અમે ભારત સાથે ટ્રેડ ડીલ કરવાની તૈયારીમાં છે. જો કે થોડા દિવસ અગાઉ ભારતીય વેપારવાણિજ્ય પ્રધાન પીયુષ ગોયલ પણ આ વાત જણાવી ચૂક્યા હોવાથી બંને દેશ વચ્ચે ટ્રેડ ડીલ થવાની સંભાવના પ્રબળ થઈ છે. કદાચ ક્રિસમસ સુધીમાં તેની જાહેરાત થઈ જાય તો આશ્ચર્ય નહીં થાય. ટ્રમ્પ તેને કદાચ ભારત તરફથી મળેલી ક્રિસમસ ભેટ પણ ગણાવી શકે.આસિયન દેશોની વાર્ષિક બેઠક વખતે ભારતના વિદેશપ્રધાન એસ જયશંકર અને અમેરિકાના માર્કો રુબિયો વચ્ચે કુઆલાલામ્પુરમાં પ્રસ્તાવિત વેપાર સંધિને લીઈને વાતચીત થઈ હોવાનું માનવામાં આવે છે. બંને વચ્ચે વ્યાપાર મંત્રણાને લઈને લાંબા સમય સુધી ચર્ચા ચાલી હતી. તેમા ખાસ્સી પ્રગતિ થઈ હોવાનું માનવામાં આવે છે. જો કે આમ છતાં પણ અમેરિકાએ હજી સુધી ભારતને રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ લાદેલી ૨૫ ટકા ડ્યુટી દૂર કરવાના કોઈ સંકેત આપ્યા નથી.

### મુંબઈમાં ૧૭ બાળકોને કિડનેપ કરનારા રોહિત આર્યાનું મોત

**। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।**

મુંબઈના પવઈ વિસ્તારમાં આવેલા આર.એ. સ્ટૂડિયોમાં ૧૭ બાળકોને બંધક બનાવનારા કિડનેપર રોહિત આર્યાનું મોત થઈ ગયું છે. પોલીસની જવાબી કાર્યવાહી દરમિયાન ફાયરિંગમાં તેને ગોળી વાગી હતી, જ્યારબાદ તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ડોક્ટરોએ સારવાર દરમિયાન રોહિત આર્યાને મૃત જાહેર કર્યો. પોલીસે હવે ઘટનાની સંપૂર્ણ તપાસ હાથ ધરી છે અને ઓપરેશનનો રિપોર્ટ તૈયાર કરાઈ રહ્યો છે. જણાવી દઈએ કે, મૃતક રોહિત આર્યાએ ૧૭ બાળકોને બંધક બનાવ્યા હતા. આ તમામ બાળકોને સ્ટૂડિયોમાં રોહિતે ઓડિશન માટે બોલાવીને બંધક બનાવી લીધા હતા. બંધક બનેલા બાળકો પહેલા માળે કાચમાંથી બાળકો બહાર ડોકિયું કરતાં નજરે પડ્યા હતા. જેનો વીડિયો પણ સામે આવ્યો છે. આ ઘટના બાદ પોલીસ તાત્કાલિક સક્રીય થઈ હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને બાળકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. જાણવા મળ્યું છે કે બાળકોને બંધક બનાવનાર રોહિત આ જ સ્ટુડિયોમાં કામ કરતો હતો. તેમજ એક રૂૈહ્વી ચેનલ પણ ચલાવતો હતો અને છેલ્લા ચાર-પાંચ દિવસથી તે અહીં ઓડિશન કરાવી રહ્યો હતો. આ મામલે મુંબઈ પોલીસે જણાવ્યું છે કે, બધા બાળકોને ઘટનાસ્થળેથી સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. બધા બાળકો સુરક્ષિત છે અને તેમને તેમના વાલીઓને સોંપી દેવામાં આવ્યા છે. વેરિફિકેશન પછી અન્ય માહિતી જલદીથી શેર કરવામાં આવશે. પોલીસે હાલ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. આ સાથે ઓપરેશનનો રિપોર્ટ તૈયાર કરાઈ રહ્યો છે. કિડનેપર રોહિત આર્યાએ આ દરમિયાન એક વીડિયો મેસેજ જાહેર કર્યો હતો, જેમાં તે પોતે બાળકોનું અપહરણ કરનાર હોવાનું કબૂલીને કહ્યું હતું કે, આ કૃત્ય એક યોજનાનો ભાગ હતું. રોહિતનો દાવો હતો કે કેટલાક લોકો સાથે વાતચીત કરાવવા માટે તેણે બાળકોને બંધક બનાવ્યા હતા. આરોપીએ કહ્યું હતું કે, ન તો હું આતંકવાદી છું, ન તો મારી પૈસાની કોઈ માંગણી છે. મારે અમુક સવાલો કરવાના છે અને આ જ કારણોસર મેં અમુક બાળકોને બંધક બનાવ્યા છે. મેં આ બાળકોને એક યોજના હેઠળ જ બંધક બનાવ્યા છે. આ વિચારપૂર્વકનું પગલું છે. હું બાળકોને બંધક બનાવવા જઈ રહ્યો છું.



### ગુજરાતના રાજકારણમાં મહત્વપૂર્ણ ફેરફાર

# ડેપ્યૂટી CM હર્ષ સંઘવી અને વાઘાણીને મોટી જવાબદારી



। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

ગુજરાત રાજ્યના રાજકારણમાં એક મહત્વનો ફેરફાર થયો છે, જેમાં રાજ્યના બે અગ્રણી નેતાઓ હર્ષ સંઘવી અને જીતુ વાઘાણીને પ્રવક્તા મંત્રી તરીકેની નવી જવાબદારી સોંપવામાં આવી છે.

નવી જાહેરાત મુજબ, રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજ્ય સરકારના મુખ્ય પ્રવક્તા તરીકેની જવાબદારી સંભાળશે. જ્યારે તેમની સાથે કૃષિ મંત્રી જીતુ વાઘાણી સહપ્રવક્તા તરીકે ફરજ બજાવશે. આ બંને નેતાઓ અગાઉ પણ પ્રવક્તા મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળી ચૂક્યા છે, જે દર્શાવે છે કે સરકારને તેમના અનુભવ પર વિશ્વાસ છે. અગાઉ આ જવાબદારી મંત્રીઓ ઋષિકેશ પટેલ અને કનુભાઈ દેસાઈ સંભાળી રહ્યા હતા. નવી ફરજ હેઠળ, હર્ષ સંઘવી અને જીતુ વાઘાણી હવેથી સરકારના મહત્વના નિર્ણયો, નીતિઓ અને વિવિધ યોજનાઓ અંગે નિયમિતપણે મીડિયાને માહિતી આપશે અને સરકારનો પક્ષ રજૂ કરશે. તેઓ સરકાર અને જનતા વચ્ચે સંચારનો સેતુ બનશે.

આ ફેરફાર વચ્ચે, રાજ્ય સરકારના સૂત્રો તરફથી એક મહત્વની માહિતી મળી છે. તાજેતરમાં થયેલાં માવઠા (બિનમોસમી વરસાદ) ને કારણે ખેડૂતોને થયેલાં પાક નુકસાન અંગે રાજ્યના પાંચ મંત્રીઓએ જમીનસ્તર પર સર્વે કરીને એક વિગતવાર રિપોર્ટ તૈયાર કર્યો છે. સરકારના સૂત્રોએ જણાવ્યું છે કે આ સર્વે રિપોર્ટના આધારેટૂંક સમયમાં જ પાક નુકસાની સહાયની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે, જેનાથી અસરગ્રસ્ત ખેડૂતોને રાહત મળી શકશે. આ બંને નેતાઓ અગાઉ પણ પ્રવક્તા મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળી ચૂક્યા છે, જે દર્શાવે છે કે સરકારને તેમના અનુભવ પર વિશ્વાસ છે. અગાઉ આ જવાબદારી મંત્રીઓ ઋષિકેશ પટેલ અને કનુભાઈ દેસાઈ સંભાળી રહ્યા હતા. નવી ફરજ હેઠળ, હર્ષ સંઘવી અને જીતુ વાઘાણી હવેથી સરકારના મહત્વના નિર્ણયો, નીતિઓ અને વિવિધ યોજનાઓ અંગે નિયમિતપણે મીડિયાને માહિતી આપશે અને સરકારનો પક્ષ રજૂ કરશે.

## સિંગતેલના ભાવમાં ડબ્બે ૧૫ રૂપિયાનો વધારો નોંધાયો

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં પડેલા કમોસમી વરસાદે ખેડૂતો અને વેપારીઓને ચિંતામાં મૂક્યા છે. મગફળીના પાક પર વરસાદની સીધી અસર થવાને કારણે બજારમાં આવક ઘટવાની શક્યતા છે. દિવાળીના તહેવાર બાદ સિંગતેલના ભાવમાં જોવા મળી રહેલા સતત ઘટાડા પર હવે અલ્પ વિરામ મુકાયું છે. લાંબા સમયથી ચાલી રહેલા ઘટાડાના વલણ બાદ, સિંગતેલના ભાવમાં ડબ્બે ૧૫ રૂપિયાનો નજીવો વધારો નોંધાયો છે. નવા ભાવ વધારા સાથે રાજકોટ બજારમાં સિંગતેલના ૧૫કિલોના ડબ્બાનો ભાવ ૨૩૮૦ થી ૨૪૩૦ બોલાયો હતો.બજારના જાણકારોના મતે, આ નજીવા ભાવ વધારા પાછળ મુખ્યત્વે સતત વરસાદી વાતાવરણ જવાબદાર છે. ચોમાસાની વિદાય બાદ પણ કેટલાક વિસ્તારોમાં અવારનવાર વરસાદી ઝાપટાં પડવાના કારણે બજારમાં પીલાણ યુક્ત મગફળીની આવક ઘટી છે. વરસાદના કારણે મગફળીની ગુણવત્તા પર પણ અસર થતા, સારી ગુણવત્તાવાળી મગફળીની ઓછી આવક થઈ છે, જેના પરિણામે ભાવમાં થોડો વધારો જોવા મળ્યો છે. હાલના ભાવ વધારાને માત્ર અસ્થાયી ગણવામાં આવી રહ્યો છે. ખેડૂતો અને વેપારીઓના મતે, આવનારા દિવસોમાં જો મગફળીની બમ્પર આવક થશે.

## RTEના આઠ હજાર વિદ્યાર્થીને ઓછી હાજરીને પગલે સહાય નહીં મળે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ શહેરની વિવિધ ખાનગી સ્કૂલોમાં RTE અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી 8 હજાર જેટલા વિદ્યાર્થીઓને હાજરીના મુદ્દે સહાયથી વંચિત રહેવું પડશે. આ વિદ્યાર્થીઓની વાર્ષિક હાજરી 80 ટકા થતી ન હોવાના પગલે તેમને મળતી સહાયના મળી કુલ રૂ. 2.44 કરોડ ચુકવવામાં નહીં આવે. સરકાર દ્વારા દરવર્ષે વિદ્યાર્થીઓને સહાય પેટે રૂ. 3 હજારની ચુકવણી કરતી હોય છે. પરંતુ આ માટે વિદ્યાર્થીની વર્ષ દરમિયાન 80 ટકા હાજરી હોવી જરૂરી છે. હાલમાં અમદાવાદ શહેરમાં RTE અંતર્ગત 88 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ સહિત રાજ્યભરની ખાનગી સ્કૂલોમાં કુલ વિદ્યાર્થી પૈકીના 25 ટકા બેઠકમાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને ધોરણ-1માં પ્રવેશ આપવામાં આવે છે. આ વિદ્યાર્થીઓને સહાય પેટે દર વર્ષે સરકાર દ્વારા રૂ. 3 હજાર ચુકવવામાં આવે છે. આ સહાય મેળવવા માટે નિયમ મુજબ આરટીઈ હેઠળ પ્રવેશ મેળવેલા બાળકની આગળના વર્ષની સ્કૂલની હાજરી 80 ટકા કે એનાથી વધુ હોવી ફરજિયાત છે.

## ગુજરાતમાં લકવાના ૧૦માંથી ચાર દર્દીની ઉંમર ૫૦ વર્ષથી ઓછી

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

છેલ્લા કેટલાક વર્ષથી હૃદયરોગની સાથે પેરાલિસિસ-સ્ટ્રોકના કેસમાં પણ ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં જ આ વર્ષે સ્ટ્રોકની ઈમરજન્સીના ૧૦,૦૯૮ કેસ નોંધાયેલા છે. આમ, પ્રતિ દિવસે સરેરાશ ૩૫ વ્યક્તિને પેરાલિસિસ-સ્ટ્રોકની સારવાર માટે ઈમરજન્સી સેવા '૧૦૮' ની મદદ લેવી પડે છે. સ્ટ્રોકના પ્રત્યેક ૧૦માંથી ૪ કેસ હવે ૫૦ વર્ષથી ઓછી વયની વ્યક્તિમાં નોંધાય છે. આજે 'વર્લ્ડ સ્ટ્રોક ડે' છે, ત્યારે સ્ટ્રોકના વધતા કેસે ચિંતાજનક સ્થિતિ સર્જી છે.ઈમરજન્સી સેવા '૧૦૮'પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સ્ટ્રોકની ઈમરજન્સીના સૌથી વધુ ૯૯૬૮ કેસ અમદાવાદમાં નોંધાયા હતા. આ પછી સુરત ૩૭૧૭ સાથે બીજા અને વડોદરા ૨૪૪૧ સાથે ત્રીજા સ્થાને છે. આમ, અમદાવાદમાં દરરોજ સરેરાશ ૧૦ વ્યક્તિને સ્ટ્રોકની ઈમરજન્સીની સારવાર લેવી પડે છે. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ ઈન્ફોર્મેટિક્સ એન્ડ રિસર્ચના ડેટા મુજબ, ભારતમાં દર વર્ષે ૧.૬ મિલિયનથી વધુ નવા સ્ટ્રોકના કેસ નોંધાય છે.એક સમયે વૃદ્ધોને પ્રભાવિત કરતી બિમારી તરીકે ઓળખાતા સ્ટ્રોક હવે યુવા વસતીને પણ અસર કરે છે, જેનું મુખ્ય કારણ જીવનશૈલી સંબંધિત પરિબળો છે. બેઠાડુ જીવનશૈલી, હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબિટિસ, હાઈપરટેન્શન અને સ્ટ્રેસ મુખ્ય કારણો છે. શારીરિક પ્રવૃત્તિઓનો અભાવ, ધુમ્રપાન અને આલ્કોહોલનું સેવન સ્ટ્રોકના જોખમમાં વધારો કરે છે. જાણકારોનું માનવું છે કે સ્ટ્રોક જીવનશૈલી સંબંધિત બિમારી તરીકે ઉભરી રહ્યું છે.

### દાન-દક્ષિણાથી માં અંબેની દાનપેટીઓ છલકાઈ ગઈ!

# અંબાજી ખાતે ૮ લાખથી વધારે શ્રદ્ધાળુઓએ માં અંબેના દર્શન કર્યા

### વાદળછાયું વાતાવરણના કારણે ગરમીમાંથી આંશિક રાહત મળશે પરંતુ ખેડૂતોની ચિંતા વધશે

। (એજન્સી) અંબાજી, તા.૩૦ ।

હાલમાં દિવાળી અને વિક્રમ સવંત ૨૦૮૨ના નવા વર્ષનો મીની વેકેશન પૂર્ણ થયું છે ત્યારે આ સાતથી આઠ દિવસમાં યાત્રાધામ અંબાજી ખાતે ૮ લાખ જેટલા શ્રદ્ધાળુઓએ માં અંબેના દર્શન કરી ધન્યતા અનુભવી છે અને બેસતુ વર્ષ અને લાભ પાંચમે માં અંબેના દર્શન કરી પોતાના ધંધા અને પેઢીના મુહુત કર્યા હતા ત્યારે આ ૭ થી ૮ દિવસ માં આવેલા લાખો શ્રદ્ધાળુઓએ માં અંબેના ભંડારાને દાન દક્ષિણાથી દાન પેટીઓ છલકાવી દીધો છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા પોતાના કર્મચારીઓ થકી ભક્તો દ્વારા ભંડારમાં નાખવામાં આવેલા દાન દક્ષિણાની રોકડ રકમની ગણતરી હાથ ધરવામાં આવી હતી અને ૨૫ થી ૩૦ જેટલો મેન પાવર સાથે ચલણી નોટો ગણવા માટે મશીન પણ લગાવવામાં આવ્યા હતા. સાતથી આઠ દિવસના આ મીની વેકેશનમાં અંબાજી મંદિરને રૂપિયા સવા કરોડ જેટલી માતબર રકમની રોકડ ભેટ મળવા પામી છે જેમાં એક રૂપિયા કરોડની રોકડ ભેટ યાત્રિકોએ છુટા હાથે ભંડારામાં નાખી હતી. જયારે રૂપિયા ૨૫ લાખ જેટલી રકમની કાઉન્ટર ઉપર નોંધણી કરાવી ભેટ અર્પણ કરી હતી.

એટલું જ નહિ આ મીની વેકેશન દરમિયાન અંબાજી મંદિર ટ્રસ્ટને ૪૦૦ ગ્રામ જેટલું સોનાનું દાન પણ પ્રાપ્ત થયું છે જે શ્રદ્ધાળુઓ એ સોનાની લગડીઓ મંદિરના ભંડારમાં ગુપ્ત દાન તરીકે નાખવામાં આવી હતી. જે અંદાજે આ મીની વેકેશન દરમિયાન ૫૦ લાખ ઉપરાંતનું સોનુ મંદિર ટ્રસ્ટને ગુપ્ત દાન મળવા પામ્યું છે. મંદિર ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેકટર કૌશિક મોદીએ આ માહિતી આપતા જણાવ્યું હતું કે આ વેકેશન દરમિયાન યાત્રિકોને સુચારુ રૂપે માતાજીના દર્શન મળી રહે તે માટેની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેને લઈ આ મીની વેકેશન દરમિયાન કોઈપણ જાતની અનિચ્છનીય ઘટના બનવા પામી નથી અને હજી યાત્રિકોનો અવિરતપણે પ્રવાહ મંદિરે જોવા મળી રહ્યો છે જે આગામી કાર્તકસુદ પૂર્ણિમા એટલે કે દેવદિવાળી સુધી હજી યાત્રિકોનો ઘસારો રહે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. આ વેકેશન દરમિયાન યાત્રિકોને સુચારુ રૂપે માતાજીના દર્શન મળી રહે તે માટેની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# મહીસાગરમાં હિટ એન્ડ રનની કાળજુ કંપાવનારી ઘટના બની

### કારની સામેના ભાગમાં અટવાયેલો હતો બાઈક ચાલક




। મહીસાગર, તા.૩૦ ।

મહીસાગર જિલ્લાના મોડાસા-લુણાવાડા રોડ પર ચોંકાવનારી અને કાળજુ કંપાવનારી હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં એક કાર ચાલકે બેફામ રીતે વાહન ચલાવી બાઈક ચાલકને અડફેટે લીધો અને તેને ૫ કિલોમીટર સુધી ઢસડતો લઈ ગયો હતો, જેના કારણે બાઈક પર સવાર બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, મોડાસા-લુણાવાડા રોડ પર એક કાર ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી અડફેટે લીધું હતું. ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક ચાલક કારની સામેના ભાગમાં ફસાઈ ગયો હતો. આટલું થવા છતાં, કાર ચાલકે પોતાનું વાહન રોક્યું નહોતું અને બાઈક ચાલકને તે જ હાલતમાં લગભગ ૫ કિલોમીટર સુધી ઢસડતો લઈ ગયો હતો. અન્ય કાર ચાલકોએ તેને રોકવાનો પ્રયાસ કર્યો હોવા છતાં, આરોપીએ કાર ઊભી રાખી નહોતી. આ ભયાનક દૃશ્યને પાછળથી આવતા અન્ય એક કાર ચાલકે જોયું અને તુરંત તેનો વીડિયો બનાવી રેકોર્ડ કર્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર ઘટનાની જાણ બાકોર પોલીસ સ્ટેશનને થઈ હતી. અન્ય કાર ચાલકો અને સ્થાનિક લોકોના સતત પ્રયાસો બાદ આખરે આ બેફામ કાર ચાલકને પકડી પાડવામાં આવ્યો હતો અને તેને પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો. પોલીસે તુરંત ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી. પોલીસની તપાસમાં કાર ચાલકનું નામ મહેશ પટેલ હોવાનું સામે આવ્યું છે. મહેશ પટેલ લુણાવાડા તાલુકાના કાકચ્યા ગામનો વતની છે અને તે શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આ ઘટનામાં બાઈક પર સવાર બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ ગંભીર ઈજાઓના કારણે વધુ સારવાર માટે તેમને ગોધરાની સરકારી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

### ૭ દિવસમાં કરાશે સર્વે પૂર્ણ

# માવઠાથી થયેલા નુકસાનની સહાય ચૂકવવા સૈદ્ધાંતિક નિર્ણય

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસેલા કમોસમી વરસાદને કારણે ખેતરોમાં પાકને થયેલા ભારે નુકસાનની સ્થિતિનો તાત્કાલિક તાગ મેળવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાબડતોબ કાર્યવાહી કરી છે. સ્થિતિની સમીક્ષા અને પાક નુકસાનીનો સર્વે કરી ખેડૂતોને સહાય ચૂકવવાની સરકારે હૈયાધારણા આપી છે.

આજે બુધવારે (૨૯ ઓક્ટોબર) મળેલી કેબિનેટની બેઠકમાં આ અંગેના સર્વેને આખરે મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકાર હવે કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં થયેલા નુકસાનનો સર્વે કરાવશે. આ સર્વેની કામગીરી માટે ગ્રામસેવકોને આદેશ આપવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ બેઠક બાદ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ સર્વેની કામગીરી એક અઠવાડિયામાં (૭ દિવસમાં) પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ રિપોર્ટ રજૂ કરવા આદેશ કરાયો છે.

મુખ્યમંત્રીએ અધિકારીઓને આદેશ આપીને ૫ જિલ્લાઓને અતિ ભારે વરસાદવાળા વિસ્તાર તરીકે નક્કી કર્યા છે. મંત્રીએ મુખ્યમંત્રીને માહિતીગાર કર્યા હતા. સરકારે ધારાસભ્યો, સંસદ સભ્યો અને લોકો સાથે ચર્ચા કરીને અસરગ્રસ્ત ખેડૂતો અને ખેતરોની માહિતી મેળવી છે. મંત્રી વાઘાણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈ ખેડૂત સહાય વગર રહેશે નહીં, એવો રાજ્ય સરકાર નિર્ણય કરશે.

કમોસમી વરસાદનો ગાળોઃ ૨૩ ઓક્ટોબર થી ૨૮ ઓક્ટોબર સુધી.

અસરગ્રસ્ત વિસ્તારઃ ૩૩ જિલ્લાના ૨૩૯ તાલુકામાં વરસાદ પડ્યો.

સર્વેની મુદતઃ જિલ્લા વહીવટી તંત્રને ૭ દિવસમાં સર્વે પૂર્ણ કરવા આદેશ.

સર્વેનો પ્રકારઃ રાજ્ય સરકાર ટેક્નિકલ સર્વે ઉપરાંત ફિઝિકલ સર્વે પણ કરશે, જેથી કોઈ અસરગ્રસ્ત ખેડૂત બાકી ન રહી જાય.

નુકસાનનો અંદાજઃ ૧૦ લાખથી વધુ હેક્ટર વિસ્તારમાં પાકો અસરગ્રસ્ત થયા છે, જેમાં મુખ્યત્વે શેરડી, મગફળી, કપાસ જેવા પાકોનો સમાવેશ થાય છે.

## APMCના ચેરમેન સહિત ૬ હોદ્દેદારો ભાજપમાં જોડાયા

। અમદાવાદ, તા.૩૦ ।

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલી એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી (APMC)ની ચૂંટણી પહેલા જ કોંગ્રેસ પક્ષને એક મોટો ઝટકો લાગ્યો છે. ડભોઈ APMCના ચેરમેન સહિત કોંગ્રેસના ૬ જેટલા મુખ્ય હોદ્દેદારોએ કોંગ્રેસનો હાથ છોડીને ભારતીય જનતા પાર્ટી (BJP)નો ભગવો ખેસ ધારણ કરી લીધો છે. APMCના ચેરમેન દિલીપ પટેલ પણ ભાજપમાં જોડાઈ ગયા છે, જે ડભોઈના રાજકારણમાં એક મોટી ઘટના ગણાય છે. દિલીપ પટેલનો ડભોઈ APMCમાં ઘણા વર્ષોથી દબદબો રહ્યો છે અને તેઓ છેલ્લા ૪૦ વર્ષથી કોંગ્રેસ પ્રેરિત પેનલમાંથી APMCની ચૂંટણીઓ લડતા આવ્યા હતા. આ નિર્ણયથી ડભોઈ APMCમાં કોંગ્રેસનો ગઢ ધરાશાયી થવાની સંભાવના છે. ચેરમેન દિલીપ પટેલની સાથે કોંગ્રેસના અન્ય અગ્રણી નેતા પ્રવીણ ટીંબી પણ ભાજપમાં જોડાયા છે. આ તમામ ૬ હોદ્દેદારોને ભાજપમાં પ્રવેશ કરાવવા માટે ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા દ્વારા ભાજપનો ખેસ પહેરાવવામાં આવ્યો હતો.

# પ્રોજેક્ટથી ૨૫ હજાર નવી નોકરીઓનું થશે સર્જન : 'સમુદ્ર સે સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા વધુ એક પહેલ

### શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવામાં ફિલેટલીનું મહત્વનું યોગદાન છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા 'સમુદ્ર સે સમૃદ્ધિ'ના વિઝનને ગુજરાતમાં પોર્ટ્સ સેક્ટરના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસથી સાકાર કરવાનું એક મહત્વપૂર્ણ કદમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે ભર્યું છે. આ હેતુસર ગુજરાત મેરિટાઈમ બોર્ડ સાથે ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ (APM ટર્મિનલ્સ) દ્વારા ૧૭ હજાર કરોડ રૂપિયાના મૂડી રોકાણના સમજૂતી કરાર (MoU) બુધવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને એ. પી. મોલર-માર્સ્ક બોર્ડના અધ્યક્ષ શ્રી રોબર્ટ મેર્સ્ક ઉગ્લાની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયા હતા. આ એમઓયુનો ઉદ્દેશ્ય પીપાવાવ બંદરના કેપીસીટી એક્સપાન્શનથી રાજ્યમાં અદ્યતન ડેવલપમેન્ટ દ્વારા ગુજરાતના દરિયાઈ ક્ષેત્રને વધુ સુદ્રઢ કરવાનો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ એમ.ઓ.યુ.ની સરાહના કરતા કહ્યું કે, પીપાવાવ પોર્ટ્સના વિસ્તરણને પરિણામે ગુજરાતની ભારતના 'મેરિટાઈમ ગેટવે' તરીકેની પ્રસ્થાપિત થયેલી ઓળખ વધુ સુદ્રઢ થશે. એટલું જ નહિ, ગુજરાતમાં પોર્ટ્સ નેટવર્કને વધુ મજબૂત બનાવીને રાજ્યના ઉદ્યોગો, નિકાસકારો અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને સશક્ત બનાવશે. નિકાસ અને આયાતના સમય અને ખર્ચ બંનેમાં ઘટાડો થશે. બંદર આસપાસના વિસ્તારોમાં ઉદ્યોગો, વેરહાઉસિંગ અને સપ્લાય ચેઈનની સુવિધાઓ વિકસશે અને રાજ્યની આર્થિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો પણ થશે. આ પ્રોજેક્ટથી પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને ૨૫ હજાર જેટલી નવી રોજગારીની તકો ભવિષ્યમાં ઊભી થશે. આ રોજગારીની તકો સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ આપશે અને ગ્રામ્ય વિસ્તારમાં જીવન સ્તરમાં પણ સુધારો લાવશે.

આ સમજૂતી કરાર દ્વારા પીપાવાવ બંદરની હાલની કન્ટેનર, બલ્ક, લિક્વિડ તથા રો-રો કાર્ગો વહન કરવાની ક્ષમતામા વધારો થવાના પરિણામે બંદરની કામગીરી વધુ અસરકારક અને ઝડપી બનશે. આ રોકાણ અંતર્ગત નવા લિક્વિડ કાર્ગો બર્થ, યાંત્રિક બલ્ક હેન્ડલિંગ સુવિધાઓ, આધુનિક કન્ટેનર ટર્મિનલ્સ, ડિજિટલ ઓપરેશન સિસ્ટમ્સ અને પર્યાવરણલક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવામાં આવશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, આ સંભવિત વિસ્તરણ પછી પીપાવાવ બંદર ગુજરાતના દરિયાઇ ક્ષેત્રમાં એક નવી ઓળખ પ્રસ્થાપિત કરશે અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મેરીટાઈમ અમૃતકાલ વિઝન ૨૦૪૭ને અનુરૂપ ગુજરાતના નોન મેજર પોર્ટસની ક્ષમતા વધારીને ૨૦૪૭ સુધીમા ૩૦૦૦ MMTPA કરવાના લક્ષ્યાંકમાં આ વિસ્તરણ પ્રોજેકટ મહત્વપૂર્ણ બનશે.

APM ટર્મિનલ્સ એશિયા અને મિડલ ઈસ્ટના ચીફ એક્ઝિક્યુટિવ જોન ગોલ્ડનરે જણાવ્યું હતું કે, આ રોકાણ યોજના ફક્ત પીપાવાવ પોર્ટના વિસ્તરણ માટે નથી, પરંતુ તેનાથી ગુજરાત, ભારત અને વૈશ્વિક વેપાર માટે નવી તકો ખુલશે. તેમણે જણાવ્યું કે, તેમનું લક્ષ્ય પીપાવાવને વિશ્વ કક્ષાની કાર્યક્ષમતા અને ગ્રીન ગ્રોથનું મોડેલ બનાવવા સાથે સ્થાનિક સમુદાય માટે કાયમી સમૃદ્ધિનું નિર્માણ કરવા અને દરિયાઇ વેપારમાં ભારતનું નેતૃત્વ વધુ મજબૂત બનાવવાનું છે.

આ એમ.ઓ.યુ. થવા અવસરે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રીના સલાહકાર અને પ્સ્મ્ના ચેરમેન એસ. એસ. રાઠૌર, બંદરો અને વાહન વ્યવહારના અગ્ર સચિવ આર. સી. મીના, ગુજરાત મેરિટાઈમ બોર્ડના કાર્યકારી વાઈસ ચેરમેન રેમ્યા મોહન તથા મેરિટાઈમ બોર્ડના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. માર્સ્ક અને એપીએમ ટર્મિનલ્સ તરફથી, ગ્રુપ ચીફ રિપ્રેઝન્ટેટિવ ઓફિસર રેને પેડરસન, ગુજરાત પીપાવાવ પોર્ટના મેનેજિંગ ડિરેક્ટર ગિરીશ અગ્રવાલ અને ભારત બાંગ્લાદેશ અને શ્રીલંકા ક્ષેત્રમાં માર્સ્ક માટે જાહેર નીતિ અને નિયમનકારી બાબતોના વડા શ્રી વિવેક શર્મા પણ આ એમ.ઓ.યુ. અવસરે જોડાયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અબુધાબીમાં કેરળના યુવકને અધધધ રૂ.૨૪૦ કરોડની લોટરી લાગી

## અનિલકુમાર બોલ્લા યુએઈના ઈતિહાસમાં ૧૦ કરોડ દિરહામની લોટરી જીતનાર પ્રથમ વ્યક્તિ બન્યો




। (એજન્સી) અબુધાબી, તા.૩૦ ।

કેરળના એક યુવકને યુએઈના ઈતિહાસની અત્યાર સુધીની સૌથી મોટી ૧૦ કરોડ દિરહામ (આશરે ૨૪૦ કરોડ)ની અધધધ કહી શકાય તેટલી જંગી રકમની લોટરી લાગતાં જ તેનું ભાગ્ય ખુલી ગયું છે. યુએઈમાં અન્ય હજારો ભારતીયોની જેમ કઠોર પરિશ્રમ અને ખંતથી કામ કરતા અનિલકુમાર બોલ્લા નામના આ યુવકે પોતાની માતાના માનમાં માતાનો જન્મ જે મહિનામાં થયો હતો તે મહિનાના એટલે કે ૧૧મા મહિનાના અંકવાળી લોટરીની ટિકિટ ખરીદી હતી.દુબઈ સ્થિત એક દૈનિકના જણાવ્યાં અનુસાર, યુએઈના ઈતિહાસમાં ૧૦ કરોડ દિરહામની લોટરી જીતનાર બોલ્લા પ્રથમ વ્યક્તિ છે. આ અંગે માહિતી આપતાં બોલ્લાએ જણાવ્યું હતું કે, તેણે ઈઝી પીક વિકલ્પની મદદથી એક સાથે ૧૨ ટિકિટ ખરીદી હતી જેની દરેકની કિંમત આશરે રૂ.૧,૨૮૫ હતી.લોટરીના ૨૩મા લકી ડે ડ્રોમાં તેની ટિકિટના તમામ સાત નંબરો મેચ થયાં હતાં. આ ડ્રોની ૮૮ લાખ ટિકિટો વેચાઈ હતી એટલે કે ૮૮ લાખમાંથી એક જ ભાગ્યશાળીને આટલી જંગી રકમ જીતવાની તક હતી. બોલ્લાએ જણાવ્યું હતું કે, તે આ રકમથી તેના માતાપિતાના સપનાં પુરા કરશે, તેમને પોતાની સાથે યુએઈ રહેવા લઈ આવશે. આ ઉપરાંત કેટલીક રકમ જરૂરિયાત ધરાવતા લોકો માટે દાન કરશે.યુએઈ લોટરી ટીમે જ્યારે આ સમાચાર આપવા કોલ કર્યો ત્યારે તેઓ ઘરમાં આરામ કરી રહ્યા હતાં. પોતે આટલી મોટી રકમ જીત્યા હોવાનું સાંભળીને બોલ્લાની આંખમાં હર્ષના આંસુ આવી ગયા હતાં. લોટરી જીત્યાની ખુશીની ઉજવણી તેઓ એક લક્ઝરી રિસોર્ટમાં કરવા માગે છે.આ ઉપરાંત તે પોતાના માટે એક સુપર કાર પણ ખરીદવા માગે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લોટરી જીત્યા પછી હવે મને લાગે છે કે મારી પાસે પણ પૈસા છે. હું આટલી મોટી રકમનું યોગ્ય રીતે રોકાણ કરીશ. યુએઈ લોટરીનો આભાર વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે, આવનારા વર્ષોમાં તેઓ અન્ય લોકોના જીવનમાં પણ આવો આનંદ રેલાવતા રહેશે.આ લોટરી ડ્રોમાં ભાગ લેનારા અન્ય ૧૦ લોકો પણ એક-એક લાખ દિરહામ( આશરે ૨૪ લાખ) જીત્યા હતાં. યુએઈ લોટરીની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ લોકો એક લાખ દિરહામની ઈનામી રકમ જીતી ચૂક્યાં છે.

### હેલિકોપ્ટરથી હુમલો કરાતાં ૬૪ના મોત

# બ્રાઝિલમાં ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ સૌથી મોટું ઓપરેશન

## પોલીસે હેલિકોપ્ટરો અને બખ્તરબંધ વાહનો સાથે દરોડા પાડ્યા, જેમાં ભારે ગોળીબાર થયો અને આગ લાગવાની ઘટનાઓ પણ બની



। (એજન્સી) બ્રાઝિલ, તા.૩૦ ।

બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં ડ્રગ માફિયા 'રેડ કમાન્ડો' વિરુદ્ધ પોલીસે દેશના ઈતિહાસનું સૌથી મોટું ઓપરેશન શરૂ કર્યું છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસ હેલિકોપ્ટરથી બોમ્બમારો કરી રહી છે, જ્યારે માફિયાઓ ડ્રોનથી બોમ્બ વરસાવીને હુમલો કરી રહ્યા છે. 'ડ્રગ લોર્ડ્સ' (માફિયા નેટવર્કના મુખ્ય સૂત્રધાર) અને પોલીસ વચ્ચે ભારે ગોળીબાર થયો છે. અત્યાર સુધીમાં આ ઓપરેશનમાં કુલ 64 લોકોનાં મોત થયા છે, જેમાં પોલીસની ગોળીથી માર્યા ગયેલા 60 ડ્રગ તસ્કરો અને શહીદ થયેલા ચાર પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે.બ્રાઝિલ પોલીસનું ઓપરેશન રિયો ડી જાનેરોમાં ચાલી રહ્યું છે, જ્યાં યુદ્ધ જેવી સ્થિતિ છે. આ શહેર લાંબા સમયથી **Comando Vermelho (CV)** (જેને રેડ કમાન્ડો પણ કહેવાય છે) અને **Terceiro Comando Puro (TCP)** જેવા 'ડ્રગ લોર્ડ્સ'ના નિયંત્રણમાં છે. ડ્રગ તસ્કરીનું સિન્ડિકેટ ચલાવતી આ ગેંગ ગેરકાયદેસર હથિયારો, જમીન પર કબજો અને સ્થાનિક લોકો પાસેથી સુરક્ષા ટેક્સ પણ વસૂલે છે. ઓક્ટોબર 2025ના અંતમાં રિયોના મેયર અને રાજ્ય સરકારે આ હેતુથી ઓપરેશન રિયો પેસિફિકાડો નામનું એક અભિયાન શરૂ કર્યું છે.ગવર્નર ક્લાઉડિયો કાસ્ટ્રોએ વીડિયો નિવેદનમાં જણાવ્યું કે, પોલીસ ઓપરેશનમાં 60 ગુનેગારોને 'ન્યૂટ્રલાઈઝ' કરવામાં આવ્યા છે. આ મોટા પાયેના અભિયાનમાં લગભગ 2,500 પોલીસકર્મીઓ અને સૈન્યકર્મીઓ સામેલ હતા, જેનો મુખ્ય ઉદ્દેશ **'Comando Vermelho'** (લાલ કમાન્ડો) ડ્રગ ગેંગને નિશાન બનાવવાનો હતો, જે રિયોના ગરીબ વિસ્તારોમાં સક્રિય છે.પોલીસે હેલિકોપ્ટરો અને બખ્તરબંધ વાહનો સાથે દરોડા પાડ્યા, જેમાં ભારે ગોળીબાર થયો અને આગ લાગવાની ઘટનાઓ પણ બની. પોલીસે 250થી વધુ તપાસ વોરંટ જાહેર કર્યા અને 81 શંકાસ્પદોની ધરપકડ કરી. માફિયાના 60 સભ્યો માર્યા ગયા અને 4 પોલીસકર્મીઓના મોત થયા. પોલીસે 75થી વધુ રાઈફલો, 200 કિલો કોકેન, રોકડ અને અન્ય હથિયારો જપ્ત કર્યા છે. પોલીસ ડ્રગ માફિયાના સંપૂર્ણ વિનાશના મિશન પર છે.ગેંગના સભ્યોએ પોલીસ પર ડ્રોનથી હુમલા કરીને પ્રતિક્રિયા આપી. તેમણે રસ્તાઓ બંધ કર્યા અને 50થી વધુ બસો પર કબજો કરીને માર્ગો અવરોધ્યા હતા. રિયોની શેરીઓમાં યુદ્ધ જેવું દ્રશ્ય સર્જાયું, જ્યાં ગુંડાઓની લાશો પડેલી મળી આવી. ખૌફ અને દહેશતના માહોલને કારણે આસપાસની શાળાઓ અને યુનિવર્સિટીઓ બંધ કરી દેવામાં આવી હતી.રેડ કમાન્ડોનો ભૂતકાળ **'Comando Vermelho'** (રેડ કમાન્ડો) બ્રાઝિલની સૌથી જૂની અને પ્રભાવશાળી માફિયા ગેંગ છે, જેની સ્થાપના 1970ના દાયકામાં જેલમાં રાજકીય કેદીઓના સમૂહ તરીકે થઈ હતી અને હવે તે આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કરી નેટવર્ક બની ગયું છે. માફિયાના વિસ્તરણને રોકવા માટે આ અભિયાન એક વર્ષથી વધુ સમયથી આયોજિત કરાયું હતું.UN ઈવેન્ટ્સ (COP30ની પ્રી-ઈવેન્ટ્સ, જેમ કે C40 ગ્લોબલ મેયર્સ સમિટ અને અર્થશૉટ પ્રાઈઝ - જે નવેમ્બરના પહેલા સપ્તાહમાં યોજાવાની છે) પહેલા શહેરની સુરક્ષા અને શાંતિ જાળવવા માટે રિયો ડી જેનીરોમાં ડ્રગ માફિયા વિરુદ્ધ આ મોટી અને સખત કાર્યવાહી જરૂરી માનવામાં આવી છે, કારણ કે માફિયાના વધતા પ્રભાવને કારણે અગાઉથી જ ચિંતા હતી.

# USએ ગ્રીન કાર્ડધારકો તથા ઈમિગ્રન્ટ્સ માટે નવા એન્ટ્રી-એક્ઝિટ નિયમો જારી કર્યા

## અમેરિકા જનારાં કે ત્યાંથી બહાર જનારાં તમામ ઈમિગ્રન્ટ્સ અને નોન-સિટીઝન્સનો ફોટો, બાયોમેટ્રિક ડેટા લેવાશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

વિદેશી વસાહતીઓની સંખ્યામાં કાપ મુકવા રોજ નવા નિયંત્રણો લાદતી અમેરિકાની ડોનાલ્ડ ટ્રમ્પ સરકારે હવે ગ્રીન કાર્ડ હોલ્ડર્સ અને ઈમિગ્રન્ટ્સ માટે એક્ઝિટ-એન્ટ્રીના નવા નિયમો જારી કર્યાં છે. અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ દ્વારા જારી કરાયેલા નિર્દેશો અનુસાર, અમેરિકામાં આવતાં કે અમેરિકામાંથી બહાર જતાં તમામ ઈમિગ્રન્ટ્સ અને નોન-સિટીઝન્સનો ફોટો પાડવામાં આવશે.




આ નવા નિયમો ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫થી અમલી બને તેવી શક્યતા છે.ઉલ્લેખનીય છે કે, કેટલાંક ઈમિગ્રન્ટ્સ અને વિદેશી મુલાકાતીઓ માટે ફોટોગ્રાફ અને ફિંગરપ્રિન્ટ સ્કેનિંગનો નિયમ અગાઉ પણ અમલમાં હતો. આ ઉપરાંત ૨૦૦૪ની સાલથી અમેરિકામાં પ્રવેશનારા કેટલાંક નોન-સિટીઝન્સનો બાયોમેટ્રિક ડેટા કલેક્ટ કરવાની પણ શરૂઆત કરાઈ હતી. જોકે આ નવા નિયમો હેઠળ અમેરિકામાં પ્રવેશનારા કે અમેરિકામાંથી બહાર જનારા તમામ વિદેશીઓને આવરી લેવાશે.ફેડરલ રજિસ્ટરમાં અપાયેલી વિગતોમાં જણાવ્યાં અનુસાર, નોન-સિટીઝન્સના આગમન અને વિદાય વખતે લેવામાં ડેટાથી રાષ્ટ્રીય સુરક્ષા અંગેની ચિંતાઓ, પ્રવાસને લગતાં દસ્તાવેજોનો દુરૂપયોગ તથા વિઝાની સમયમર્યાદા કરતાં વધુ રોકાણ કરનારા લોકો પર નિયંત્રણ લાવવામાં મદદ મળી રહેશે. હોમલેન્ડ સિક્યુરિટી વિભાગના જણાવ્યાં અનુસાર, અમેરિકન કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનના કર્મચારીઓ દ્વારા દેશમાં આવતા અને બહાર જતાં ગ્રીન કાર્ડ હોલ્ડર્સ તથા ઈમિગ્રન્ટ્સના ફોટોગ્રાફ લેવામાં આવશે.આ ઉપરાંત તેમણે તેમનો બાયોમેટ્રિક ડેટા પણ આપવાનો રહેશે. આ સિવાય અગાઉ ૧૪ વર્ષથી નીચેની વયના અને ૭૯ વર્ષથી વધુની ઉંમર ધરાવતા લોકોને આ પ્રક્રિયામાંથી અપાયેલી મુક્તિને રદ કરાઈ છે. પ્રવાસીની ઓળખની ખાતરી કરવા માટે ફેસિયલ કમ્પેરિઝન ટેક્નોલોજીની સાથે પ્રવાસીની વિગતો, વિઝા અરજીમાંનો ફોટોગ્રાફ તથા પાસપોર્ટનો ઉપયોગ કરવામાં આવશે.

### ભારત પર લગાવ્યા ગંભીર આરોપ

# અફઘાનિસ્તાન સાથે સમાધાન ન થતાં પાકિસ્તાન બેબાકળું થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સૈન્ય સંઘર્ષ બાદ હંગામી ધોરણે સીઝફાયર થયું હતું. જોકે તે બાદ અનેક બેઠકો છતાં બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ રહ્યું નથી. બંને વચ્ચે સમાધાન કરાવવા માટે તુર્કીયે મધ્યસ્થી બનવા આવ્યું છે. એવામાં હવે પાકિસ્તાન સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફ ભારત પર આરોપો લગાવી રહ્યા છે. ખ્વાજા આસિફે બણગાં ફૂંકતા કહ્યું, કે 'બંને પક્ષો વચ્ચે કરાર થવાનો જ હતો પરંતુ કાબુલથી આદેશના કારણે ડીલ થઈ શકી નહીં. કાબુલમાં બેઠેલા લોકોને દિલ્હી કંટ્રોલ કરે છે. અફઘાનિસ્તાનની સરકારમાં ભારતનું વર્ચસ્વ વધી ગયું છે. ભારત પોતાની હારનો બદલો લેવા માટે કાબુલનો ઉપયોગ કરી રહ્યું છે. અફઘાનિસ્તાનની સરકારમાં એવા તત્વો છે જે ભારતના મંદિરોનો પ્રવાસ કરી આવ્યા છે.' આટલું જ નહીં તાલિબાનને ખુલ્લી ધમકી આપતા પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ કહ્યું, કે કોઈએ ઈસ્લામાબાદ તરફ



ઊંચી નજર કરીને જોયું તો તેની આંખો કાઢી લઈશું. પાકિસ્તાનમાં ફેલાતા આતંકવાદ માટે અફઘાનિસ્તાન જ જવાબદાર છે અને દિલ્હીની કઠપૂતળી છે. છેલ્લા ચાર વર્ષથી અફઘાનિસ્તાન આતંકવાદીઓની મદદ કરી રહ્યું છે. ઈસ્લામાબાદ પર હુમલો કરવાનું કોઈએ વિચાર્યુ તો પણ પાકિસ્તાન ૫૦ ગણો જવાબ આપશે.

# અમેરિકામાં ફલાઈટમાં ભારતીય વિદ્યાર્થીએ બે યુવાન પર હુમલો કર્યો

। (એજન્સી) બોસ્ટન, તા.૩૦ ।

અમેરિકાના શિકાગોથી જર્મની જઈ રહેલી ફલાઈટમાં એક ભારતીય વિદ્યાર્થી બે યુવાન પર હુમલો કરવાનો કિસ્સો પ્કાશમાં આવ્યો છે. આ અંગે મળતી માહિતી મુજબ પ્રણીત કુમાર ઉસીરિપલ્લી નામના ભારતીય વિદ્યાર્થીએ બે યુવાન પર કાંટાવાળી ચમચીથી હુમલો કર્યો હતો અને એક મુસાફરને લાફો પણ માર્યો હતો.આ બાબત મેસેચ્યુસેટ્સ ડિસ્ટ્રિક્ટની યુએસ એટર્નીની ઓફિસ દ્વારા જાહેર કરવામાં આવી છે. આ અંગે કોર્ટમાં રજુ થયેલા દસ્તાવેજો અનુસાર વિદ્યાર્થી ઉસિરીપલ્લીએ ૧૭ વર્ષના મુસાફરના ખભામાં કાંટા ચમચી વડે હુમલો કર્યો હતો અને પછી બીજા ૧૭ વર્ષના મુસાફર પર પણ હુમલો કર્યો હતો. જેના કારણે કાંટા ચમચી તેના માથાના પાછળના ભાગમાં વાગી હતી. આ ફ્લાઈટ લુફથાન્સા એરલાઈન્સ દ્વારા સંચાલિત હતી.આ સમગ્ર ઘટનાની વિગત મુજબ જેમાં પ્રથમ પીડીત ફલાઈટની વચ્ચેની સીટ પર સુઈ ગયો હતો. જયારે તેણે આંખ ખોલી ત્યારે ઉસિરીપલ્લી તેની પર કાંટા ચમચી વચ્ચે હુમલો કર્યો હતો. તેમજ તેની બાદ બીજા વ્યકિત પર હુમલો કરવા ગયો હતો. જેમાં તેને માથાના પાછળના ભાગ પર વાગ્યું હતું. જયારે તેને ફલાઈટના સ્ટાફે રોકવાનો પ્રયાસ કર્યો તો તેમની પર પણ હુમલાનો પ્રયાસ કર્યો હતો.તેમજ તેની બાદ એક મહિલા યાત્રીને લાફો માર્યો હતો.આ ઘટના બાદ ફલાઈટને બોસ્ટનના લોગાન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતારવામાં આવી હતી. તેની બાદ ઉસિરીપલ્લીની એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી હતી. આ ભારતીય વિદ્યાર્થી સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા ગયો છે.તેની પર અમેરિકાની જીલ્લા અદાલતમાં ફલાઈટમાં હુમલો કરીને શારીરિક નુકસાન પહોંચાડવાના ગુનો દાખલ કરવામાં આવ્યો છે.આ કેસમાં જો તે દોષી પુરવાર થશે તો તેને ૧૦ વર્ષની જેલ અને ત્રણ વર્ષ સુધી દેખરેખ હેઠળ મુકિત અને ૨,૫૦,૦૦૦ ડોલરનો દંડ થઈ શકે છે.

# ખર્ચ ઘટાડવા એમેઝોન ૧૪,૦૦૦ કર્મચારીઓની હકાલપટ્ટી કરશે

## કંપની આશરે ૪ ટકા કોર્પોરેટ કર્મચારીઓની છટણી કરી, કંપનીના કર્મચારીઓની કુલ સંખ્યા ૧૫.૬ લાખ છે






। (એજન્સી) સિએટલ, તા.૩૦ ।

ઓનલાઈન રિટેલ જાયન્ટ એમેઝોને મંગળવારથી લગભગ ૧૪,૦૦૦ કોર્પોરેટ નોકરીઓમાં કાપ મૂકવાનું ચાલુ કર્યું હતું. કંપની તેના એકંદર ખર્ચમાં ઘટાડો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) માં વધુ રોકાણના ભાગરુપે આ છટણી કરી રહી છે. એમેઝોનમાં લગભગ ૩૫૦,૦૦૦ કોર્પોરેટ કર્મચારીઓ છે. આમ કંપની આશરે ૪ ટકા કોર્પોરેટ કર્મચારીઓની છટણી કરી રહી છે. કંપનીના કર્મચારીઓની કુલ સંખ્યા ૧૫.૬ લાખ છે. ૨૦૨૧માં સીઈઓ બન્યા પછી એન્ડી જેસી ખર્ચમાં મોટાપાયે કાપ મૂકી રહ્યાં છે. તેમણે જૂનમાં જણાવ્યું હતું કે જનરેટિવ એઆઈને કારણે આગામી થોડા વર્ષમાં કોર્પોરેટ વર્કફોર્સમાં ઘટાડો થશે. આ મહિનાની શરૂઆતમાં એમેઝોને ક્લાઉડ કમ્પ્યૂટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરવા માટે નોર્થ કેરોલિનમાં કેમ્પસનું નિર્માણ કરવા ૧૦ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી હતી. કંપનીએ જણાવ્યું હતું કે તે અમલદારશાહીમાં ઘટાડો કરી રહી છે. નોકરીમાં કાપથી પ્રભાવિત ટીમો અને કર્મચારીઓને મંગળવારથી નોટિસ આપવાની શરૂઆત કરાઈ હતી. મોટાભાગના કર્મચારીઓને આંતરિક રીતે નવી ભૂમિકા શોધવા માટે ૯૦ દિવસનો સમય અપાશે. જે કર્મચારીઓ કંપનીમાં નવી ભૂમિકા ન મેળવી શકે તેમને પેકેજ, આઉટપ્લેસમેન્ટ સેવાઓ અને આરોગ્ય વીમા લાભો સહિત ટ્રાન્ઝિશનલ લાભ આપવામાં આવશે. કોરોના મહામારી દરમિયાન ઓનલાઈન ખર્ચમાં વધારો થયો હોવાથી કંપનીએ તેના કર્મચારીઓની સંખ્યા લગભગ બમણી કરી હતી. આ પછી મોટી ટેકનોલોજી અને રિટેલ કંપનીઓએ ખર્ચમાં કાપ મૂકવા માટે હજારો નોકરીઓમાં કાપ મૂક્યો હતો. એમેઝોનની આ છટણી દર્શાવે છે કે તે હજુ પણ તેના કાર્યબળનું કદ યોગ્ય કરવાનો પ્રયાસ કરી રહી અને તે કદાચ પૂરું થયું નથી. ૨૦૨૩ પછી કંપનીની આ સૌથી મોટી છટણી છે. ૨૦૨૩માં એમેઝોને ૨૭,૦૦૦ નોકરીમાં કાપ મૂક્યો હતો.

# પુણેમાંથી IS સાથે જોડાયેલો એન્જિનિયર ઝડપાયો, હુમલો કરવાની તૈયારીમાં હતો






। (એજન્સી) મુંબઇ, તા.૩૦ ।

મહારાષ્ટ્ર એન્ટિ ટેરરિઝમ સ્કવૉડ (એટીએસ) ટીમે આઈએસ મોડયુલ કેસમાં કોંઢવાથી ૩૨ વર્ષીય સોફ્ટવેર એન્જિનિયર ઝુબેર હંગરગેકરની ધરપકડ કરી છે. તેના ઘરે દરોડા પાડી સર્ચ ઓપરેશન હાથ ધરાતા વાંધાજનક સામગ્રી અને અન્ય ગુનાહિત દસ્તાવેજો મળ્યા હતા. અલ-કાયદા અને આઈએસ મળીને ભારતમાં કોઈ મોટા હુમલાની ફિરાકમાં હોવાનો પર્દાફાશ આ ધરપકડો બાદ થયો છે. હજુ અન્ય આરોપીઓ પણ એજન્સીઓની રડારમાં હોવાની શક્યતાઓ છે. આરોપી ઝુબેરને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૪ નવેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો. મૂળ સોલાપુરનો કોમ્પ્યુટર એન્જિનિયર ઝુબેર હાલમાં કોંઢવામાં રહેતો હતો. તાજેતરમાં એટીએસએ આઈએસઆઈએસ મોડયુલ સંબંધિત કેસમાં કોંઢવા, વાનવડી, ખડકી સહિત પુણેમાં વિવિધ ભાગોમાં દરોડા પાડયા હતા. આ મામલામાં શંકાના આધારે ૧૮ લોકોને તાબામાં લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી ૧૯ લેપટોપ, મોબાઈલ ફોન અન્ય સમગ્રી જપ્ત કરવામાં આવી હતી. એટીએસને કેસની તપાસ દરમિયાન ઝુબેરની સંડોવણીની જાણ થઈ હતી. તે આતંકવાદી સંગઠનના સંપર્કમાં હોવાનું કહેવાય છે. તેની ગતિવિધિ પર એક મહિનો નજર રાખ્યા બાદ પૂછપરછ કરવામાં આવી હતી. છેવટે એટીએસે કેસ નોંધીને તેની ધરપકડ કરી હતી.

**તંત્રી લેખ...**

## બિહાર ચૂંટણીમાં દરેક રાજકીય પક્ષો માટે દારૂબંધી અગત્યનો મુદ્દો

બિહાર વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે મતદારોને આકર્ષિત કરવા માટે દરેક રાજકીય પક્ષ પોતપોતાની રીતે તુક્કાઓ જાહેર કરે છે. બિહારમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતની જેમ દારૂબંધી છે. જોકે આ દારૂબંધી પણ ગુજરાતની જેમ પોકળ છે અને બુટલેગરો ફૂલ્યાફાલ્યા છે. જનસુરાજ પક્ષના નેતા પ્રશાંત કિશોરે લોકોને વચન આપ્યું છે કે, જો તેઓ સત્તા પર આવશે તો ગણતરીના સમયમાં જ દારૂબંધી દુર કરશે. દારૂબંધી વિશે એનડીએના પક્ષો કોઈ નિવેદન કરતા નથી. બીજી તરફ હવે આરજેડીના નેતા તેજસ્વી યાદવને પણ લાગ્યું છે કે દારૂબંધીનો મુદ્દો અગત્યનો છે. તેઓ હજી દ્વિધામાં છે કે દારૂબંધીની તરફેણ કરવી કે વિરોધ કરવો. જોકે દુધ અને દહીમાં પગ રાખવા માટે એમણે કહ્યું છે કે, જો મહાગઠબંધન સત્તા પર આવશે તો દારૂબંધીમાંથી તાડીને મુક્તિ આપવામાં આવશે. તાડી પર પ્રતિબંધ મૂકવાથી પાસી સમાજને નુકશાન થઈ રહ્યું છે.

કર્ણાટકની કોંગ્રેસ સરકારે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યક્રમો ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. સરકારના આ આદેશ સામે હવે કર્ણાટક હાઈકોર્ટે સ્ટે આપ્યો છે. જસ્ટીસ એમ નાગાપ્રસન્નાની અધ્યક્ષતાવાળી બેન્ચે રાજ્ય સરકાર અને હુગલી પોલીસ કમિશનરના આદેશ પર વચગાળાનો સ્ટે આપ્યો છે. જસ્ટીસના કહેવા પ્રમાણે આ પ્રમાણે કરવાનો બંધારણીય અધિકાર ક્યાંથી મળી ગયો. ૧૮મી ઓક્ટોબરે રાજ્ય સરકારે કહ્યું હતું કે, પરવાનગી વગર ૧૦થી વધુ લોકો ભેગા થઈ શકશે નહીં. આ સિવાય પાર્ક, રસ્તા અને રમત ગમતના મેદાનમાં પણ જો લોકો ભેગા થશે તો કાર્યવાહી કરવામાં આવશે. હાઈકોર્ટના કહેવા પ્રમાણે બંધારણના આર્ટીકલ ૧૯ (૧) (એ), ૧૯ (૧) (બી) હેઠળ લોકોને જે અધિકારો આપવામાં આવ્યા છે એના પર સરકાર પ્રતિબંધ મૂકી શકે નહીં.

ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્યના વિવાદાસ્પદ નિવેદન 'મુસ્લિમ યુવતી લાવો, નોકરી મેળવો' પર હવે બસપાના રાષ્ટ્રીય પ્રમુખ માયાવતી પણ ભડક્યા છે. એમણે કડક રીતે આ નિવેદનની ટીકા કરી છે. માયાવતીએ નિવેદનને વિકૃત અને ઘુણાસ્પદ ગણાવીને ભૂતપૂર્વ ધારાસભ્ય સામે પગલા લેવાની માગ પણ કરી છે. સિદ્ધારનગરના ડોમરીયા ગંજના ભૂતપૂર્વ ધારાસભ્ય રાઘવેન્દ્ર પ્રતાપસિંહે આ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. સોશ્યલ મીડિયા પર આ નિવેદન ખૂબ વાયરલ થયું હતું. માયાવતીએ વળતા જવાબમાં સોશ્યલ મીડિયા એક્સ પર આ નિવેદનની ટીકા કરવા ઉપરાંત ઉત્તરાખંડ સહિત બીજા રાજ્યોમાં ધર્મપરિવર્તન તેમજ લવજેહાદ જેવા વિષયોને કારણે નફરત ફેલાવવામાં આવતી હોવાનો દાવો કર્યો છે. એમ મનાય છે કે ઉત્તર પ્રદેશમાં આવનારી વિધાનસભાની ચૂંટણીમાં માયાવતી ફરી એમની મુસ્લિમ વોટ બેંક આકર્ષવા માંગે છે.

ઉત્તર પ્રદેશના અલીગઢ ખાતે કોઈક ભેજાબાજે 'સેન્ટર ફોર નરેન્દ્ર મોદી સ્ટડીઝ'ના નામે સેન્ટર શરૂ કર્યું છે. જાણીતી વ્યક્તિઓના નામનો ઉપયોગ કરીને દેશભરમાં કેટલાક ઠગો આવી ચાલબાજી કરતા હોય છે. જોકે વડાપ્રધાનની ઓફિસને આ બાબતની જાણ થતા આ ભેજાબાજ સામે કડક પગલા લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. સીબીઆઈએ સેન્ટર સામે કેસ દાખલ કર્યો છે. થોડા સમયમાં જ સીબીઆઈની ટીમ સેન્ટર પર ત્રાટકશે એમ મનાઈ રહ્યું છે. વડાપ્રધાનનું નામ વટાવી ખાનાર સહેલાઈથી છટકી નહીં જાય એ માટે કેટલીક કડક કલમો પણ સીબીઆઈએ લગાડી છે. રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે, જીએસટીના દરમાં ઘટાડો થયો ત્યારે દેશના કેટલાક મોટા ઉદ્યોગગૃહોએ પણ મોદીના નામે પોતાની જાહેરાત છપાવી હતી. જોકે તેઓ બચી ગયા. આ અલીગઢી બચે એમ લાગતું નથી. બાંગ્લાદેશથી એક પત્રકારની ટીમ ભારત આવી હતી.

## મહારાજા સિંહનું નવું સૂત્ર : રીલ બનાવો, રોજગારી મેળવો

મહારાજા સિંહે જંગલની યુવાપેઢીને સંબોધીને ઐતિહાસિક ભાષણ આપ્યું: 'મારા યુવા મિત્રોં! આજે હું તમને રોજગારીની તદ્દન નવી સલાહ આપવાનો છું. હું તમારું ભલું કરવા રાજા બન્યો છું અને ગમે તે ભોગે ભલું કરીને જ ઝંપીશ. હું તમને રોજગારીનો સાવ નવો મંત્ર આપી રહ્યો છું. તમે એ તમારા જીવનમાં અપ્લાય કરી દેશો તો જંગલની સરકાર પાસે પણ રોજગારીની અપેક્ષા નહીં રહે. એ સૂત્ર છે - રીલ બનાવો રોજગારી મેળવો!'

રાજા સિંહનું નવું સૂત્ર સાંભળીને તેમના સમર્થકોએ પંજા ટકરાવીને ઘોંઘાટ કરી મૂક્યો. ભક્ત શિરોમણી કાર્યકર ઘેટાભાઈ ઘાસફૂસિયા તો અહોભાવથી રાજા સિંહને તાકી રહ્યા. એમણે વિચાર્યું: 'રોજગારી માટેના આવા આવા મૌલિક વિચારો રાજા સિંહ લાવતા ક્યાંથી હશે?'

રાજા સિંહે ભાષણ આગળ ચલાવ્યું: 'તમે નિરાંતે રીલ્સ બનાવી શકો એ માટે જ હું તમને નોકરીની ચક્કીમાં પીસતો નથી. મારા પ્યારા દોસ્તો! તમારા ભલા માટે મેં સરકારમાં ભરતી સાવ ઓછી કરી દીધી છે અને બધું જ કોન્ટ્રાક્ટથી ચલાવી લઉં છું. મારું આયોજન તો એવું છે કે ભવિષ્યમાં સરકારી ભરતી સદંતર બંધ કરીને આપ સૌને રીલ્સ બનાવવાની મોકળાશ આપું. જંગલની યુવાપેઢીને રીલ્સમાંથી કમાતી કરીને મારે આત્મનિર્ભર બનાવવી છે. તમે જોતા રહો એક દિવસ આપણા જંગલની આખી યુવાપેઢી રીલ્સ બનાવતી હશે અને દુનિયા એ રીલ્સ જોઈને મોંમાં પંજા નાખી દેશે!'

ફરી પંજા ટકરાવવાનો અવાજ આવ્યો. રાજા સિંહે ઉમેર્યું, 'અગાઉના રાજાઓના જમાનામાં માત્ર ગણ્યા-ગાંઠયા ફિલ્મસર્જકો જ ફિલ્મો બનાવતા. મેં જંગલમાં એવો માહોલ બનાવ્યો કે તમે સૌ ફિલમ ઉતારતા થઈ ગયા. આ મારી સિદ્ધિ છે દોસ્તો! મેં બનાવેલી પૉલિસીના કારણે આપ સૌ રીલ બનાવી શકો છો અને રીલ જોઈ શકો છો. યાદ કરો, પહેલાં આ જંગલની યુવા પેઢી નોકરી શોધવા અહીંથી અહીં ધક્કા ખાતી હતી. અમુક યુવા પંખીઓની પાંખો નોકરી શોધવામાં ઘસાઈ જતી હતી. પ્રાણી સમાજના કેટલાય યુવાનોની પગની ખરીઓ નોકરી મેળવવાના ચક્કરમાં નકામી થઈ જતી હતી. હવે નોકરી શોધવાની વાત જ ભૂતકાળ થઈ ગઈ છે. મેં જંગલમાં એવો માહોલ બનાવ્યો છે કે તમારે કોઈને નોકરીની જરૂર જ પડતી નથી. હું તમને સ્વનિર્ભર બનાવવામાં કોઈ કસર નહીં છોડું. આજે રીલથી રોજગારી મળે છે, કાલે કંઈ બીજું શોધી કાઢીશ.' રાજા સિંહ રોજગારીના નવા નવા મૌલિક વિકલ્પો શોધીને આપતા હતા એનાથી સમર્થકો ખુશ હતા. ભાષણ પૂરું થયા પછી સમર્થકોમાં અંદરોઅંદર વાતો પણ ચાલી. બકુલેશ બળદના મોં પર અહોભાવ છલકાતો હતો : 'યાર આપણા રાજા તો આપણા રાજા છે હોં!' સ્વઘોષિત વિદ્વાન હોલા હઠીલાએ વિદ્વતા ઓકી : 'આદરણીય રાજા સાહેબે વિચારણીય વિકલ્પ આપીને ચિરકાલીન યશસ્વી કાર્ય કર્યું છે.' પાડા પંચાતિયાએ પંચાતમાં ઝંપલાવ્યું: 'રાજા સિંહનો આ આઈડિયા બીજા જંગલોમાં પણ લાગુ થશે. આપણા રાજા તો ખૂબ પોપ્યુલર છે. વિદેશી જંગલના રાજાઓ ગોલ્ડન ઈગલ, ડ્રેગન વગેરે તો એમના ખાસમખાસ દોસ્તો છે.'

ભક્ત શિરોમણી કાર્યકર ઘેટાભાઈ ઘાસફૂસિયાએ અઠંગ સિંહભક્તની અદાથી કહ્યું, 'રાજા સિંહ માટે આવા મૌલિક વિચારો રજૂ કરવા કંઈ નવી વાત નથી. અગાઉ તેમણે આવો જ ક્રાંતિકારી વિચાર આપીને જંગલમાં રોજગારીને નવી દિશા આપી હતી. તમને યાદ હોય તો તેમણે પકોડા અને ભજિયા બનાવીને રોજગારી મેળવવાની હાકલ કરી હતી. તેના પરિણામે જ આ જંગલને પપ્પુ પોપટ જેવો મહાન ઉદ્યોગપતિ મળ્યો. આજે તેમની કંપની પકોડા એન્ડ ભજિયા ઈન્ડસ્ટ્રી સરકારી કાર્યક્રમોમાં લાખો-કરોડોના કેટરિંગના ઓર્ડર્સ મેળવે છે.' તરફ રાજા સિંહનું ભાષણ સાંભળીને જંગલના અનેક યુવક-યુવતીઓએ રીલ્સ બનાવવાનો નિર્ધાર કર્યો હતો. અત્યાર સુધી માત્ર રીલ્સ જોતાં યુવાનોને પણ સિંહના ભાષણથી પ્રેરણા મળી. માત્ર રીલ્સ જોઈને ટાઈમપાસ કરવા કરતાં તેમને રીલ્સ બનાવવાની મહેનત કરવી યોગ્ય લાગી. સિંહના ભાષણની કલાકો પછી જંગલમાં ચારે બાજુ રીલ્સનું શૂટિંગ શરૂ થઈ ગયું.

**ઉત્તર પ્રદેશ દ્વારા કલ્યાણનગર નામનો નવો જિલ્લો બનાવવાની જાહેરાત કરવામાં આવી, રાજ્યમાં 76મો જિલ્લો ઉમેરાશે**

# નવા જિલ્લાની રચના : ઓછામાં ઓછું 2000 કરોડ રૂપિયાનું આંધણ થાય...

**દેશ 1947માં આઝાદ થયો ત્યારે દેશમાં બ્રિટિશકાળના 17 પ્રાંતો અને નાના રજવાડાઓને ભેગા કરીને 230 જિલ્લાની રચના કરવામાં આવી હતી, વર્તમાન સમયમાં દેશમાં જિલ્લાઓની સંખ્યાને 797 છે : છેલ્લાં એક દાયકામાં દેશમાં સૌથી વધારે નવા જિલ્લાનું નિર્માણ રાજસ્થાન રાજ્યમાં થયું છે. અહીંયા દસ વર્ષમાં નવા 19 જિલ્લા બનાવવામાં આવ્યા છે. બીજી તરફ આંધ્ર પ્રદેશમાં પણ એક સાથે 19 જિલ્લાઓનો વધારો કરવામાં આવ્યા છે**

દેશ 1947માં આઝાદ થયો ત્યારે દેશમાં બ્રિટિશકાળના 17 પ્રાંતો અને નાના રજવાડાઓને ભેગા કરીને 230 જિલ્લાની રચના કરવામાં આવી હતી, વર્તમાન સમયમાં દેશમાં જિલ્લાઓની સંખ્યાને 797 છે : છેલ્લાં એક દાયકામાં દેશમાં સૌથી વધારે નવા જિલ્લાનું નિર્માણ રાજસ્થાન રાજ્યમાં થયું છે. અહીંયા દસ વર્ષમાં નવા 19 જિલ્લા બનાવવામાં આવ્યા છે. બીજી તરફ આંધ્ર પ્રદેશમાં પણ એક સાથે 19 જિલ્લાઓનો વધારો કરવામાં આવ્યા છે. મધ્ય પ્રદેશમાં છેલ્લાં અઢી દાયકામાં 10 નવા જિલ્લા બનાવવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળ સરકારે 2022માં 7 નવા જિલ્લાની જાહેરાત કરી હતી : રાજ્ય સરકાર દ્વારા કોઈ નવા જિલ્લાની જાહેરાત કરવામાં આવે અથવા તો તેની જાહેરાત ઉપર કાર્યકારી આદેશ જારી કરી દેવામાં આવે અથવા તો રાજ્યના વિધાનસભામાં નવા જિલ્લાના મુસદ્દાને મંજૂરી આપી દેવામાં આવે ત્યારબાદ તેના વિશે કામગીરી હાથ ધરવામાં આવે છે

આ જાહેરાત સાથે જ યુપીમાં હવે આગામી સમયમાં ૭૬મો જિલ્લો ઉમેરાશે. યુપીના નવા જિલ્લાનું નામ કલ્યાણ નગર હશે. જાણકારોના મતે અલીગઢ અને બુલંદશહરના કેટલાક વિસ્તારોને બદલીને નવો જિલ્લો બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારો ઉત્તર પ્રદેશના પૂર્વ સીએમ કલ્યાણ સિંહની જન્મભૂમિ અને કર્મભૂમિ રહ્યા છે. તેના કારણે તેમના નામે આ જિલ્લો બનાવવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે. યુપી સરકાર દ્વારા નવા જિલ્લાની જાહેરાત કે તેના સર્જન વિશે વિધાનસભામાં કોઈ પ્રસ્તાવ મુકવામાં આવ્યો નથી. તેના કારણે





આ જિલ્લાની ખરેખર જાહેરાત જ થઈ છે કે, સરકાર નવો જિલ્લો બનાવી દેશે તેની ચર્ચા ચાલી છે. આ ચર્ચા વચ્ચે એક વાત નક્કી છે કે, ભારતમાં નવા જિલ્લા જાહેર કરવાની કામગીરી આઝાદીના સાડા સાત દાયકા બાદ પણ ચાલુ જ છે. મહત્ત્વની વાત એ છે કે, ભારતમાં હાલમાં ૭૯૭ જિલ્લા છે જે દેશના ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વહેંચાયેલા છે. ભારત ૧૯૪૭માં આઝાદ થયો ત્યારે દેશમાં ૨૩૦ જિલ્લા હતા. તેમાં બ્રિટિશ ભારતના ૧૭ પ્રાંતો અને અને નાના નાના રજવાડાઓને ભેગા કરીને વિવિધ જિલ્લાનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આઝાદી સમયે ઉત્તર પ્રદેશમાં ૩૫-૩૮ જિલ્લા હતા. તે સમયે આ વિસ્તારને સંયુક્ત પ્રાંત કહેવામાં આવતો હતો. થોડા વર્ષ બાદ તેનું નામ ઉત્તર પ્રદેશ આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, છેલ્લાં એક દાયકામાં દેશમાં સૌથી વધારે નવા જિલ્લાનું નિર્માણ રાજસ્થાન રાજ્યમાં થયું છે.

અહીંયા દસ વર્ષમાં નવા ૧૯ જિલ્લા બનાવવામાં આવ્યા છે. બીજી તરફ આંધ્ર પ્રદેશમાં પણ એક સાથે ૧૯ જિલ્લાઓનો વધારો કરવામાં આવ્યા છે. મધ્ય પ્રદેશમાં છેલ્લાં અઢી દાયકામાં ૧૦ નવા જિલ્લા બનાવવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળ સરકારે ૨૦૨૨માં ૭ નવા જિલ્લાની જાહેરાત કરી હતી. દેશમાં છેલ્લાં એક દાયકામાં ૪૦થી વધારે નવા જિલ્લાઓની રચના કરવામાં આવી છે.

ખાસ વાત એ છે કે, દેશમાં કોઈપણ સ્થાને નવો જિલ્લો બનાવવાની, જિલ્લો બદલવાની કે પછી જિલ્લો રદ કરવાની સત્તા રાજ્ય સરકાર પાસે હોય છે. રાજ્ય સરકાર એક વટહુકમ બહાર પાડીને અને વિધાનસભામાં ખરડો પસાર કરીને આ કામગીરી કરી શકે છે. ઘણા રાજ્યો માત્ર અધિકારિક વટહુકમ જારી કરીને પણ આ કામગીરી કરતા હોય છે. મોટાભાગે રાજ્યોનું માનવું હોય છે કે, નાના જિલ્લા વધારે સારી રીતે કામગીરી કરવા અને શાસનવ્યવસ્થા ચલાવવામાં મદદરૂપ થાય છે. તેમની કામગીરી સરળ રહે છે. તેના કારણે જ દેશમાં છેલ્લાં કેટલાક વર્ષોમાં નવા જિલ્લાઓનું સર્જન વધી રહ્યું છે. જાણકારોમાં ચર્ચા છે કે, નવા જિલ્લા બનાવ્યા પછી ખરેખર સરકારને કામગીરીમાં રાહત થઈ છે કે, પછી દસ્તાવેજો અને અન્ય કામગીરીમાં ફરક પડયો છે કે નહીં તેના વિશે કોઈ સ્પષ્ટ અહેવાલ નથી.

ઉલ્લેખનીય છે કે, નવા જિલ્લા બનાવવા કે જૂના જિલ્લા રદ કરવા અથવા ભેગા કરવામાં કેન્દ્ર સરકારની કોઈ ભૂમિકા હોતી નથી. રાજ્ય સરકાર તેના માટે નિર્ણય કરવા સ્વતંત્ર છે. જ્યારે કોઈ રાજ્ય જિલ્લા અથવા રેલવે સ્ટેશનનું નામ બદલવા માગે તો તેની કામગીરીમાં ગૃહમંત્રાલય જોડાય છે.

રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલા નિવેદનોને ગુપ્તચર શાખા, પોસ્ટ વિભાગ, રેલવે વિભાગ, ભૌગોલિક સર્વેક્ષણ વિભાગ, રેલવે વિભાગ જેવા મહત્ત્વના વિભાગો અને એજન્સીઓને મંજૂરી માટે મોકલાવવામાં આવે છે. આ તમામ વિભાગો અને એજન્સીઓ તપાસ બાદ જવાબ આપે છે અને એનઓસી જાહેર કરે છે. એક અહેવાલ પ્રમાણે ૨૦૧૧ની વસતી ગણતરી અનુસાર દેશમાં ૫૯૩ જિલ્લા હતા. વસતી ગણતરીના પરિણામો થકી ખ્યાલ આવે છે કે, ૨૦૦૧થી ૨૦૧૧ સુદીમાં ૪૬ નવા જિલ્લા બન્યા હતા. છેલ્લાં એક દાયકામાં બીજા ૪૦ નવા જિલ્લા બન્યા છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧ની વસતી ગણતરી બાકી છે તેથી નવા દાયકાનો ચોક્કસ આંકડો સામે આવ્યો નથી. તેમ છતાં એવો અંદાજ છે કે, ૨૦૧૧થી અત્યાર સુધીમાં ૧૪ વર્ષમાં ૨૦૪ નવા જિલ્લાનું નિર્માણ થયું છે. હાલમાં દેશમાં તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ ૭૯૭ જિલ્લા આવેલા છે.

મહત્ત્વની વાત એ છે કે, એક નવો જિલ્લો બનાવવા માટે લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થતો હોય છે. તેમાં જિલ્લા ભવન, રસ્તા, પાણી અને વીજળીની વ્યવસ્થા, સ્ટાફની નિમણુક, અન્ય પાયાગત અને માળખાગત સુવિધાઓનો સમાવેશ થાય છે. જિલ્લા મુખ્યાલય, ન્યાયાલય, જિલ્લા પરિષદ, કૃષિ, શિક્ષણ અને સ્વાસ્થ્ય વિભાગના ભવનોનું નિર્માણ જ ૫૦૦ કરોડ રૂપિયા સુધીના બજેટમાં થાય તેમ છે. તે ઉપરાંત રસ્તા, પાણી, સફાઈ, અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ટર અને બાકીની સેવાઓનું નેટવર્ક સેટ કરવામાં ૧૫૦૦ કરોડનો ખર્ચ આવી શકે તેમ છે.

રાજ્ય સરકારની જરૂરિયાતો અને અને વિસ્તારના આધારે બજેટ નક્કી કરવામાં આવે છે. જિલ્લા કચેરીનું પરિસર, સુવિધાઓ અને સ્થાનિક વ્યવસ્થાઓના આધારે પણ ખર્ચ નક્કી થતો હોય છે. રાજસ્થાન સરકારે ૨૦૨૩-૨૦૨૫માં નવા જિલ્લાઓની પાછળ અંદાજે ૧૦૦૦ કરોડ રૂપિયાના બજેટની જાહેરાત કરી હતી. તેમાં પાયાગત નિર્માણ અને જરૂરિયાતની વ્યવસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવી હતી.

રાજ્ય સરકારના વટહુકમ જારી કર્યાના અંદાજે ૩થી ૬ મહિના સુધીમાં નવા જિલ્લાની જાહેરાત અને તેમનું માળખાગત કામ શરૂ કરી શકાય છે. રાજ્ય સરકાર દ્વારા કોઈ નવા જિલ્લાની જાહેરાત કરવામાં આવે અથવા તો તેની જાહેરાત ઉપર કાર્યકારી આદેશ જારી કરી દેવામાં આવે અથવા તો રાજ્યના વિધાનસભામાં નવા જિલ્લાના મુસદ્દાને મંજૂરી આપી દેવામાં આવે ત્યારબાદ તેના વિશે કામગીરી હાથ ધરવામાં આવે છે.

**ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવો સૌને ગમે છે, પરંતુ સમય પર બિલ ન ભરનારા દેવાની જાળમાં ફસાઈ જાય છે**

# તહેવારોમાં ક્રેડિટ કાર્ડનો ધૂમ વપરાશ: રૂપિયા 2.2 ટ્રિલિયનની ખરીદી થઈ

**દિવાળીના તહેવારોમાં થયેલી આશ્ચર્યજનક ધૂમ ખરીદી પાછળ ક્રેડિટ કાર્ડનો છૂટથી ઉપયોગ મહત્ત્વનો સાબિત થયો છે. ઓનલાઈન ખરીદી કરતી વખતે ક્રેડિટ કાર્ડના વપરાશ કરવાથી ઘણી વાર અલાયદું ડિસ્કાઉન્ટ અપાય છે, જેનો ભરપૂર લાભ લેવાયો હતો. ક્રેડિટ કાર્ડનું આગામી સ્ટેટમેન્ટ આવે પછી ડયુ ડેટ સુધીમાં બિલ ભરવાનું હોવાથી દિવાળીના તહેવાર દરમિયાને લોકોએ જીવનજરૂરી કે લક્ઝરી ચીજોની ખરીદી કરીને જીવનમાં વધુ રોનક લાવવા પ્રયાસ કર્યો હતો**

દિવાળીના તહેવારોમાં થયેલી આશ્ચર્યજનક ધૂમ ખરીદી પાછળ ક્રેડિટ કાર્ડનો છૂટથી ઉપયોગ મહત્ત્વનો સાબિત થયો છે. ઓનલાઈન ખરીદી કરતી વખતે ક્રેડિટ કાર્ડના વપરાશ કરવાથી ઘણી વાર અલાયદું ડિસ્કાઉન્ટ અપાય છે, જેનો ભરપૂર લાભ લેવાયો હતો. ક્રેડિટ કાર્ડનો ફાયદો એ છે કે બિલ તાત્કાલિક ચૂકવવાનું હોતું નથી. ક્રેડિટ કાર્ડનું આગામી સ્ટેટમેન્ટ આવે પછી ડયુ ડેટ સુધીમાં બિલ ભરવાનું હોવાથી દિવાળીના તહેવાર દરમિયાને લોકોએ જીવનજરૂરી કે લક્ઝરી ચીજોની ખરીદી કરીને જીવનમાં વધુ રોનક લાવવા પ્રયાસ કર્યો હતો. આ વખતે દિવાળીના તહેવારોમાં ધૂમ ખરીદી થવા પાછળ બે કારણો ઊપસ્યાં હતાં. એક તો, જીએસટીના સ્લેબમાં થયેલા ફેરફાર અને બીજું, તેજીનો કરંટ. ક્રેડિટ કાર્ડનું પરિબળ તો ખરું જ.

લોકોએ ક્રેડિટ કાર્ડ પર વોશિંગ મશીન, મિક્સર, ટીવી, એ.સી., ફ્રિજ જેવી રોજીંદા વપરાશની ચીજવસ્તુઓ ઉપરાંત સોના-ચાંદીના ઘરેણાં પણ ક્રેડિટ કાર્ડના જોરે ખરીદ્યાં હતાં. ક્રેડિટ કાર્ડ પર રોકડ ઉપાડવામાં તગડું વ્યાજ લેવાતું હોવા છતાં કેટલાય વપરાશકારોએ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને રોકડ વિથડ્રો કરી હતી ને દિવાળીની શોપિંગ કરી હતી.

શોપિંગ મોલમાં પેમેન્ટ કાઉન્ટર પર કતારોમાં ૫૦ ટકાથી વધુ લોકો ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કર્યો હતો, જ્યારે બાકીનાઓ રોકડ, ડેબિટ કાર્ડ અને યુપીઆઈનો ઉપયોગ કર્યો હતો.

ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરતી બેંકોને મધ્યમવર્ગના ગ્રાહકો પાસેથી વસુલાત કરતાં આવડે છે. જે લોકો સ્ટેટમેન્ટ પ્રમાણે બિલની પૂરેપૂરી રકમ ભરી શકતા તેમના માટે મિનિમમ પેમેન્ટ ભરવાનો વિકલ્પ આપીને એક અદ્રશ્ય ટ્રેપ ગોઠવ્યો છે.

જંગલી પ્રાણીથી માંડીને કિચનમાં ફરતા ઉંદરને લલચાવીને ફસાવવા માટે પાંજરામાં ખોરાક મૂકવામાં આવે છે. મિનિમમ પેમેન્ટના ટ્રેપમાં ફસાનાર અંતે ઊંચા વ્યાજના ચક્કરમાં ફસાઈ જાય છે અને ક્રેડિટ કાર્ડથી થતી શોપિંગના ક્રેઝને ભૂલ ગણતો થાય છે. ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરતી કેટલીક બેંકોએ તહેવારો પહેલાં ક્રેડિટ કાર્ડધારકોને પરિવારના સદસ્ય માટે એક વધારાના ફ્રી કાર્ડની ઓફર કરી હતી. આ બધાં કારણોને લીધે આ વખતે દિવાળીના તહેવારોમાં ક્રેડિટ કાર્ડ આધારીત ખરીદીનો આંક ૨.૧૬ લાખ કરોડ રૂપિયા (૨.૨ ટ્રિલિયન)ને વટાવી ગયો હતો.

ક્રેડિટ કાર્ડના પગલે ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર ઓનલાઈન શોપિંગનું પ્રમાણ વધ્યું હતું. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે ક્રેડિટ કાર્ડ આધારીત ખરીદીમાં ૨૨ ટકાનો વધારો નોંધાયો છે. દિવાળીના તહેવારો દરમ્યાન ૧૦ લાખ જેટલા નવાં ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરાયાં હતા. જુલાઈ ૨૦૨૫ના આંકડા અનુસાર, ભારતમાં ૧૦૦ મિલિયન કરતાં વધારે ક્રેડિટ કાર્ડ સક્રિય છે. ઈ-કોમર્સ પ્લટફોર્મ્સ પર ઓફર થતા ડિસ્કાઉન્ટની વિવિધ સ્કીમો જાણે ફરી વાર મળવાની ન હોય તેમ લોકોએ ખાસ કરીને ઈલેકટ્રોનિક ચીજોની ધૂમ ખરીદી કરી હતી.

એચડીએફસીના ક્રેડિટ કાર્ડ પર ખરીદીમાં ૧૨.૪૫ ટકા, એસબીઆઈના કાર્ડ પર ૨૨.૮૬ ટકા જ્યારે આઈસીઆઈસીઆઈના કાર્ડ પર ૨૧.૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. સૌથી વધુ ક્રેડિટ કાર્ડધારકો એચડીએફસી ધરાવે છે - ૨૫.૨૮ મિલિયન. ૨૧.૫ મિલિયન ક્રેડિટ કાર્ડ સાથે એસબીઆઈ બીજા નંબરે આવે છે, જ્યારે ૧૮.૩૭ મિલિયન કાર્ડ સાથે આઈસીઆઈસીઆઈ ક્રેડિટ કાર્ડ ત્રીજા નંબરે આવે છે.

તહેવારોની ખરીદી માત્ર દેવ દિવાળી સુધી ચાલશે એવું નથી. હવે લગ્નોની મોસમ આવશે, ક્રિસમસ તેમજ ૨૦૨૬નું નવું વર્ષ આવશે. ક્રિસમસમાં શોપિંગ માટે દિવાળી જેવો ક્રેઝ ન હોય, પણ ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ વિશેષ સ્કીમો મુકીને લોકોને આકર્ષવાનો પ્રયાસ કરવા વગર રહેશે નહીં. ડિસ્કાઉન્ટ, કેશબેક તેમજ ચોક્કસ બેંકોનાં ક્રેડિટ કાર્ડના ઉપયોગમાં અપાતા વગર વ્યાજના હપ્તા જેવી સ્કીમોના કારણે લોકો ડેબિટ કાર્ડના બદલે ક્રેડિટ કાર્ડના વપરાશ તરફ વળ્યા છે.

જો સમજીવિચારીને ઉપયોગ કરવામાં આવે તો ક્રેડિટ કાર્ડ એક આકર્ષક સુવિધા પૂરવાર થઈ શકે છે. ક્રેડિટ કાર્ડધારક ખરીદી કરતી વખતે સંયમ જાળવી શકવો જોઈએ અને સમયસર બિલ ભરવાની સ્વયંશિસ્ત ધરાવતો હોવો જોઈએ. જો સંયમ અને શિસ્ત ન હોય તો ક્રેડિટ કાર્ડધારક વધતા જતા વ્યાજના ટ્રેપમાં આસાનીથી ફસાઈ શકે છે. ઊંચા વ્યાજના ચક્કરમાં ફસાઈ જાય છે અને ક્રેડિટ કાર્ડથી થતી શોપિંગના ક્રેઝને ભૂલ ગણતો થાય છે. ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરતી કેટલીક બેંકોએ તહેવારો પહેલાં ક્રેડિટ કાર્ડધારકોને પરિવારના સદસ્ય માટે એક વધારાના ફ્રી કાર્ડની ઓફર કરી હતી. આ બધાં કારણોને લીધે આ વખતે દિવાળીના તહેવારોમાં ક્રેડિટ કાર્ડ આધારીત ખરીદીનો આંક ૨.૧૬ લાખ કરોડ રૂપિયા (૨.૨ ટ્રિલિયન)ને વટાવી ગયો હતો.

ક્રેડિટ કાર્ડના પગલે ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર ઓનલાઈન શોપિંગનું પ્રમાણ વધ્યું હતું. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે ક્રેડિટ કાર્ડ આધારીત ખરીદીમાં ૨૨ ટકાનો વધારો નોંધાયો છે. દિવાળીના તહેવારો દરમ્યાન ૧૦ લાખ જેટલા નવાં ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરાયાં હતા. જુલાઈ ૨૦૨૫ના આંકડા અનુસાર, ભારતમાં ૧૦૦ મિલિયન કરતાં વધારે ક્રેડિટ કાર્ડ સક્રિય છે. ઈ-કોમર્સ પ્લટફોર્મ્સ પર ઓફર થતા ડિસ્કાઉન્ટની વિવિધ સ્કીમો જાણે ફરી વાર મળવાની ન હોય તેમ લોકોએ ખાસ કરીને ઈલેકટ્રોનિક ચીજોની ધૂમ ખરીદી કરી હતી.

એચડીએફસીના ક્રેડિટ કાર્ડ પર ખરીદીમાં ૧૨.૪૫ ટકા, એસબીઆઈના કાર્ડ પર ૨૨.૮૬ ટકા જ્યારે આઈસીઆઈસીઆઈના કાર્ડ પર ૨૧.૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. સૌથી વધુ ક્રેડિટ કાર્ડધારકો એચડીએફસી ધરાવે છે - ૨૫.૨૮ મિલિયન. ૨૧.૫ મિલિયન ક્રેડિટ કાર્ડ સાથે એસબીઆઈ બીજા નંબરે આવે છે, જ્યારે ૧૮.૩૭ મિલિયન કાર્ડ સાથે આઈસીઆઈસીઆઈ ક્રેડિટ કાર્ડ ત્રીજા નંબરે આવે છે. લોકોએ ક્રેડિટ કાર્ડ પર વોશિંગ મશીન, મિક્સર, ટીવી, એ.સી., ફ્રિજ જેવી રોજીંદા વપરાશની ચીજવસ્તુઓ ઉપરાંત સોના-ચાંદીના ઘરેણાં પણ ક્રેડિટ કાર્ડના જોરે ખરીદ્યાં હતાં. ક્રેડિટ કાર્ડ પર રોકડ ઉપાડવામાં તગડું વ્યાજ લેવાતું હોવા છતાં કેટલાય વપરાશકારોએ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને રોકડ વિથડ્રો કરી હતી ને દિવાળીની શોપિંગ કરી હતી.



### અક્ષય કુમાર એક પછી એક સફળ ફિલ્મ આપી રહ્યો છે

# અક્ષય કુમાર અને અનીસ બાઝમી ફરી એક ફેમિલી કોમેડી ફિલ્મ કરશે

**આ ફિલ્મ માટે લીડ હિરોઇનની શોધ ચાલી રહી છે. અક્ષય અને અનીસ અગાઉ ત્રણ ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે**

અક્ષય કુમાર એક પછી એક સફળ ફિલ્મ આપી રહ્યો છે અને એક પછી એક ફિલ્મ સાઈન કરી રહ્યો છે. છેલ્લે તેની ફિલ્મો 'સ્કાય ફોર્સ' અને 'કેસરી ચેપ્ટર ૨' ઘણી સારી ચાલી છે. તેના પછી આવેલી તેની 'હાઉસફુલ ૫' અને 'જોલી એલએલબી ૩'માં તેના કોમિક ટાઈમિંગે પણ ઓડિયન્સને મજા કરાવી છે. હવે તે ૨૦૨૬-૨૭માં પણ એક પછી એક ફિલ્મ લઈને આવશે. એક તરફ તે ફરી એક વખત પ્રિયદર્શન સાથે એક પછી એક ત્રણ ફિલ્મ કરી રહ્યો છે, 'ભૂત બંગલા', 'હૈવાન' અને 'હેરાફેરી ૩'. આમાંથી પહેલી બે ફિલ્મ તો આવતા વર્ષે રિલીઝ પણ થઈ જશે. તેમના પછી તે 'વેલકમ ટુ ધ જંગલ' પણ કરી રહ્યો છે. હવે તે ફરી એક વખત અનીસ બાઝમી સાથે પણ કામ કરી રહ્યો હોવાના અહેવાલ છે. પહેલાં એવી ચર્ચા હતી કે અનીસ બાઝનીની 'રામ ઔર શ્યામ'માં અક્ષય કુમાર ડબલ રોલમાં જોવા મળશે. પરંતુ હવે આ મુદ્દે નવા અહેવાલો મુજબ અક્ષય કુમાર અને અનીસ બાઝમી સાથે ફિલ્મ કરી રહ્યા છે, પરંતુ 'રામ ઔર શ્યામ' માટે નહીં. અક્ષય કુમાર અનીસ બાઝમી સાથે અન્ય એક ફેમિલી કોમેડી ડ્રામા ફિલ્મ કરી રહ્યો છે. આ ફિલ્મ જાણીતા તેલુગુ પ્રોડ્યુસર દિલ રાજુ શ્રી વેંકટેશ્વરા ક્રિએશન્સ હેઠળ પ્રોડ્યુસ કરશે. હાલ આ ફિલ્મ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે, તેનું શૂટિંગ ફેબ્રુઆરી ૨૦૨૬માં શરૂ થવાની શક્યતા છે. આ ફિલ્મ માટે લીડ હિરોઈનની શોધ ચાલી રહી છે.



### વિવેકે રામાયણને હોલિવૂડની માઇથોલોજિકલ ફિલ્મનો જવાબ ગણાવી

# 'રામાયણનો એક પૈસો નથી જોઈતો, હું તેની આવક દાન કરીશ' : વિવેક ઓબેરોય


**આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઇ પલ્લવી માતા સીતા અને સન્ની દેઓલ હનુમાનજીના રોલમાં જોવા મળશે**

રણબીર કપૂર અને યશની બે ભાગમાં બની રહેલી 'રામાયણ'ની જાહેરાત થઈ તે પહેલાંથી આ ફિલ્મ ચર્ચામાં છે. વિવેક ઓબેરોય પણ આ ફિલ્મનો ભાગ છે અને તે આ ફિલ્મમાં વિદ્યુત જીવાનો રોલ કરી રહ્યો છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે આ ફિલ્મ અને તેના અનુભવો વિશે વાત કરી હતી. તેણે આ ફિલ્મને હોલિવૂડની માઈથોલોજિકલ ફિલ્મનો જવાબ ગણાવી હતી. સાથે જ તેણે 'મસ્તી ૪'ની પણ વાત કરી હતી.વિવેકે કહ્યું, ''નમિત (નમિત મલ્હોત્રા – પ્રોડ્યુસર)અને નિતેશ રામાયણના માધ્યમથી જે કરી રહ્યા છે, તેનાથી તેઓ ખરા અર્થમાં ભારતીય સિનેમાને વિશ્વ સ્તરે પહોંચાડી દેશે. વિદેશની માઈથોલોજિકલ ફિલ્મને રામાયણ એ ભારતનો જવાબ હશે. તેઓ જે વીએફએક્સ કંપની સાથે જોડાયેલા છે, તે આ પહેલાં સાતથી આઠ ઓસ્કાર જીતી ચૂકી છે અને આ પ્રકારના ઘણા યાદગાર અને લોકપ્રિય કામ કરી ચુકી છે, તેનાથી પણ આ ફિલ્મને મદદ મળશે. ખરેખર ભારતીય મૂળ ધરાવતા મહાકાવ્યને વૈશ્વિક સ્તરે લઈ જવા માટે રામાયણ કરતાં મોટું અને સારું કંઈ ન હોઈ શકે અને આ ખરેખર રોમાંચક વાત છે.''વિવેકે આ ફિલ્મની ફી સારા કામમાં ઉપયોગમાં લેવાનો નિર્ણય લીધો છે. તેણે જણાવ્યુ, ''મેં નમિતને કહ્યું કે મારે આ ફિલ્મનો એક પૈસો પણ જોઈતો નથી, હું આ રકમ હું માનું છું એવા કોઈ ઉમદા કામમાં દાનમાં આપી દેવા માગું છું જેમકે, કેન્સર પીડિત બાળકો માટે. મેં તેને કહ્યું કે હું તને મદદ કરવા માગુ છું કારણ કે તમે જે કરો છો તે મને બહુ ગમે છે અને મને લાગે છે કે તમે ભારતીય સિનેમાને વિશ્વસ્તરે લઈ જાઓ છો.''વિવેકે કહ્યું કે આ ફિલ્મ માટે તેનું મોટા ભાગનું થોડું જ શૂટ બાકી છે. તેણે જણાવ્યું, ''એક લડાઈ હંમેશા રહે છે.



### થામા આદિત્ય સરપોતદાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી

# થામાએ ૧૦૦ કરોડ ક્લબમાં એન્ટ્રી કરી, મુંજ્યાને પાછળ છોડી




**અભિનેતા આયુષ્યમાન ખુરાના અને રશ્મિકા મંદાનાની થામાએ વર્લ્ડવાઇડ ૧૪૦ કરોડની કમાણી કરી**

મેડોક ફિલ્મ્સના હોરર કોમેડી યુનિવર્સની કોઈ ફિલ્મ ૧૦૦ કરોડ ક્લબમાં ન પહોંચે તો જ નવાઈની વાત છે. મેડોકની થામા દિવાળી પર રિલીઝ થઈ છે અને તેને એક મજબુત વીકેન્ડ મળ્યું છે, ચાલુ દિવસોમાં પણ આ ફિલ્મે તેની મજબુત ગતિ જાળવી રાખી હતી. પહેલાં દિવાળીની રજાઓ અને પછી છઠની રજાઓને કારણે દેશમાં ફિલ્મની આવકમાં વધારો થતો જોવા મળ્યો હતો, વિદેશમાં પણ તેણે પોતાની સ્થિર ગતિ જાળવી રાખી હતી. મેડોકની થામામાં આયુષ્યમાન ખુરાના અને રશ્મિકા મંદાના લીડ રોલમાં છે, મંગળવારે આ ફિલ્મે કમાણીમાં ૨૮ ટકાનો વધારો થયો હતો. મંગળવારે ફિલ્મની આવક ૫.૫૦ કરોડ નોંધાઈ હતી, તેની સામે સોમવારની આવક ૪.૨૫ કરોડ રહી હતી. આઠ દિવસના અંતે આ ફિલ્મની કમાણી ૧૦૧.૧૦ કરોડ થઈ છે, તેનાથી થામા મેડોકની ૧૦૦ કરોડ ક્લબમાં પહોંચેલી ચોથી ફિલ્મ બની ગઈ છે.સામે વિદેશોમાં દિવાળીની રજા ન હોવાથી આ ફિલ્મને વિદેશોમાં તો તહેવારનો લાભ મળ્યો નહીં, પરંતુ હવે ધીરે ધીરે તેણે વિદેશોમાં પણ ગતિ પકડી છે. જોકે, ઈન્ટરનેશનલ માર્કેટમાં ફિલ્મે ૨ મિલિયન ડોલરની આવક કરી લીધી છે અને આવતા વીકેન્ડમાં આ ફિલ્મ ૨૫૦ હજાર મિલિયન ડોલર સુધી પહોંચે એવી શક્યતા છે. તેથી થામા આ અઠવાડિયાને અંતે આઠ દિવસમાં ૧૪૦ કરોડે પહોંચાડી દેશે. થામા હાલ મેડોક હોરર કોમેડી યુનિવર્સની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે.

# ઇન્ટરનેશનલ સ્ટાર ડોન લી પ્રભાસ સાથે 'સ્પિરિટ' ફિલ્મમાં દેખાશે

**આ અહેવાલો મુજબ,ડોને તાજેતરમાં તેની ભારતની મુલાકાતની પોસ્ટ કરી હતી ત્યારે તે આ ફિલ્મ માટે જ આવ્યો હતો**

કોરીયન સુપર સ્ટાર ડોન લી 'ટ્રેઈન ટુ બુસાન' અને માર્વેલની વિવિધ ફિલ્મથી એક આંતરરાષ્ટ્રિય કક્ષાએ જાણીતો કલાકાર છે. હવે તે ભારતીય સિનેમામાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. કોરીયન મીડિયાના અહેવાલો અનુસાર મા ડોંગ સિઓક તરીકે ઓળખાતો ડોન લી સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ'માં વિલનના રોલમાં જોવા મળશે. તેની સાથે પ્રભાસ લીડ રોલમાં છે. એક્સ પર કોરીયન ડ્રામા અને એન્ટરટેઈનમેન્ટ કોમ્યુનિટી મુકો પર મંગળવારે ડોનની ઈન્ડિયન સિનેમામાં એન્ટ્રીની વાત કરવામાં આવી છે. તેમાં લખાયેલી કોરીયન ટ્વીટના અનુવાદ મુજબ, 'સ્પિરિટ નામની આ ફિલ્મ સંદીપ રેડ્ડી વાંગા ડિરેક્ટ કરશે, જેમાં બાહુબલી માટે જાણીતો સ્ટાર પ્રભાસ છે, આ એક અંધારી આલમની ડિટેક્ટિવ ક્રાઈમ ડ્રામા ફિલ્મ છે. એવી જાણકારી મળી છે કે મા ડોંગ સિઓકનો રોલ આ ફિલ્મમાં એક એવું પાત્ર છે જે પ્રભાસની વિરુદ્ધમાં જોવા મળશે.'આ અહેવાલો મુજબ, ડોને તાજેતરમાં તેની ભારતની મુલાકાતની પોસ્ટ કરી હતી ત્યારે તે આ ફિલ્મ માટે જ આવ્યો હતો. 'તાજેતરમાં, મા




ડોંગ સિઓકે ઈન્સ્ટાગ્રામ અને અન્ય કેટલાક પ્લેટફર્મ પર કેટલીક પોસ્ટ કરી હતી, તેમાં તે ભારત માટેની ફલાઈટમાં ચડતો પણ દેખાયો હતો અને તેના પરથી ખ્યાલ આવે છે કે તે મુલાકાત આ ફિલ્મ માટે જ હતી.'આ અહેવોલમાં સંદીપ રેડ્ડી વાંગાને ભારતના તાજેતરના સૌથી વધુ વિવાદાસ્પદ ડિરેક્ટરમાંના એક ગણાવાયા છે, સાથે તેમાં વાંગાની ફિલ્મ 'એનિમલ' અને 'અર્જૂન રેડ્ડી'ની પણ નોંધ લેવાઈ છે. અહેવાલોમાં એવું પણ લખાયું છે કે વાંગાની ડોન સાથેની ફિલ્મ કોરિયામાં રિલીઝ થશે કે નહીં કે હજુ ખ્યાલ નથી પરંતુ ફિલ્મની ટીમે પણ હજુ સુધી ડોન લીના કાસ્ટિંગ વિશે કોઈ જાહેરાત કરી નથી.સ્પિરિટ એક પોલિસ આધારીત એક્શન ડ્રામા હોવાની ચર્ચા છે, જેમાં પ્રભાસ લીડ રોલમાં છે. આ ફિલ્મમાં તૃપ્તિ ડિમરી, પ્રકાશ રાજ અને વિવેક અગ્નિહોત્રી પણ મહત્વના રોલમાં છે. અગાઉ પ્રભાસના જન્મ દિવસે વાંગાએ ફિલ્મની એક સાઉન્ડ સ્ટોપી શેર કરી હતી, તેનાથી ફેન્સને ફિલ્મની પહેલી ઝલક મળી હતી. તેમાં પ્રભાસનો અવાજ સંભળતો હતો, તેમાંથી ફિલ્મની વાર્તા અને પ્લોટ વિશે થોડી માહિતી પણ મળી હતી. આ ફિલ્મ ૨૦૨૬માં રિલીઝ થશે.

### ઇમરાન હાશ્મીનો ખુલાસો

# શાહબાનો કેસ આધારિત'હક' મુસ્લિમોને બદનામ કરતી નથી



ઈમરાન હાશ્મી અને યામી ગૌતમની ફિલ્મ 'હક' આવી રહી છે, જેમાં ઈમરાન એક નવા અવતારમાં જોવા મળશે. આ ફિલ્મમાં કાયાદાકીય લડત જાણીતા શાહબાનો કેસ પર આધારીત છે, જેણે મુસ્લિમ મહિલાઓ માટે સન્માન સાથે છૂટેછાડાના અધિકારની ક્રાંતિ લાવવાનું કામ કર્યું હતું. આ ફિલ્મમાં યામી ગૌતમ શાહ બાનોના રોલમા જોવા મળશે. આ ફિલ્મનું ટ્રેલર લોંચ થયા પછી ઘણા લોકોએ તેના વખાણ કર્યા તો ઘણા લોકોએ તેની ટીકા પણ કરી છે, જેમને લાગે છે કે આ ફિલ્મનું લક્ષ્ય મુસ્લિમોને બદનામ કરવાનું છે.એક ઈન્ટરવ્યુમાં ઈમરાન હાશ્મીએ કહ્યું કે આ ફિલ્મ મુસ્લિમ સમાજ સામે આંગળી ચીંધતી નથી. એએનઆઈના ઈન્ટરવ્યુમાં ઈમરાન હાશ્મીએ જણાવ્યું, ''મેં આ ફિલ્મની સ્ક્રીપ્ટ વાંચી હતી, મેં એક સર્જનાત્મક અભિનેતાની દૃષ્ટિએ આ ફિલ્મને જોઈ હતી, પરંતુ મારી કારકિર્દીમાં પહેલી વખત, મને દેખાયું હતું કે સમાજ પ્રત્યે સંવેદનશીલતા છે, મારા સમાજ પ્રત્યે. મારે થોડું જાણકાર બનવું પડશે અને મારે તેનું અલગ રીતે વિશ્લેષણ કરવું પડશે. હું એવા તારણ પર આવ્યો હતો કે આ ફિલ્મમાં ઘણો સંતુલિત દૃષ્ટિકોણ લેવાયો છે. તો અમે એવું કંઈ જ નથી બતાવતા કે અમે કોઈ સમાજ પર આંગળી ચીંધીએ છીએ અને કોઈના પર કોઈ નિવેદન કરતા નથી.''ઈમરાને એવું પણ કહ્યું કે આ ફિલ્મ કોઈ સમાજને બદનામ કરતી નથી. ''મને ખબર નથી લોકો શું કહેશે, પરંતુ એક ખુલ્લા વિચારોવાળા મુસ્લિમ તરીકે, હું એટલું કહી શકું કે મને આ ફિલ્મના દૃષ્ટિકોણ સાથે કોઈ તકલીફ નહોતી. કારણ કે અમે કોઈ સમાજને બદનામ કરતા નથી, જો એવું કરતા હોત તો મેં આ ફિલ્મ કરી ન હોત. અને હું કયા પ્રકારનો મુસ્લિમ છે, એ અંગે એક દૃષ્ટિકોણ આપવો હોય તો, મેં પરવીણ સાથે લગ્ન કર્યા, એ એક હિન્દુ છે. મારા પરિવારમાં મારા દિકરા પૂજા પણ કરે છે અને નમાઝ પણ પઢે છે. આ મારો બિનસાંપ્રદાયિક ઉછેર છે. તેથી મારા મતે હું આ ફિલ્મને જોઉં છું. દરેક ફિલ્મને પોતાના વિચારો, શરતો, ધાર્મિક વિચારધારા, ઉછેર, પર્યાવરણ અને દૃષ્ટિકોણ મુજબ જુએ છે.''

### તમન્નાએ ઇન્ડસ્ટ્રીમાં આવી રહેલા પરિવર્તન વિશે વાત કરી

# 'ઉંમર વધવી એ અદભૂત છે, હવે ૩૦થી મોટી એક્ટ્રેસને પણ મહત્વના રોલ મળે છે'



**હવે તમન્ના શાહિદ કપૂર સાથે વિશાલ ભારદ્વાજની એક્શન થ્રિલર ઓ રોમિયોમાં જોવા મળશે, તેમાં તૃપ્તિ ડિમરી પણ છે**

એક્ટર તમન્ના ભાટીયાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવી રહેલા હકારાત્મક પરિવર્તનની વાત કરી છે. તેણે કહ્યું કે ૩૦ વર્ષથી મોટી એક્ટ્રેસ માટે ઈન્ડસ્ટ્રીની માનસિકતામાં હવે ફરક પડ્યો છે. તેણે કહ્યું કે ઉમર અને અનુભવને હવે મોટા પડદા પર ઉજવવામાં આવે છે.તમન્નાએ આ ઈન્ટરવ્યુમાં વાત કરી કે, તે જ્યારે ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે તેણે ૧૦ વર્ષનો પ્લાન બનાવ્યો હતો. આજની હિરોઈનને મળતા અર્થસભર રોલ વિશે તમન્નાએ કહ્યું, ''હા બિલકુલ, આજે આ ઉમરની એક્ટ્રેસ માટે વધુ મોટા, સારી રીતે લખાતા રોલ મળે છે. આપણે પહેલાં આ ઉમરની એક્ટ્રેસને બહુ પડદા પર બતાવતા નહોતા. ખરેખર તો, હું જ્યારે એક્ટર બની, ત્યારે મેં ખરેખર ૧૦ વર્ષનો જ પ્લાન બનાવ્યો હતો. મેં વિચારેલું, હું અત્યારે કામ કરવાનું શરુ કરું છું તો હું ૩૦ વર્ષની ઉમરે પહોંચીશ ત્યાં સુધી કામ કરી શકીશ. તેના પછી, હું લગ્ન કરી લઈશ અને મારે બાળકો હશે.''તમન્નાએ આગળ કહ્યું, ''પરંતુ સારી વાત એ છે કે, જ્યારે હું કામ કરી રહી હતી અને હું ૩૦ વર્ષની ઉંમરે પહોંચવા આવી, ખરેખર તો ત્યારે હું થોડી સ્વતંત્ર થઈ, સદ્દનસીબે, એ વખતે ઈન્ડસ્ટ્રીમાં પણ સારા રોલ લખાવાના શરૂ ખયા. મને લાગે છે આ એક સામાન્ય પરિવર્તન છે, જે સમગ્ર વિશ્વમાં આવ્યું છે. જોકે, મને આ ઉંમરના ડર વિશે કંઈ ખબર નથી. ઘણા લોકો વધતી ઉંમર વિશે એ રીતે વાત કરે છે કે જાણે કોઈ બીમારી વિશે વાત કરતાં હોય, ઉંમર વધવી એ તો અદ્દભુત વાત છે. ખબર નહીં કેમ લોકો વધતી ઉંમર અંગે આટલા ડરતાં હશે.''હવે તમન્ના શાહિદ કપૂર સાથે વિશાલ ભારદ્વાજની એક્શન થ્રિલર ઓ રોમિયોમાં જોવા મળશે.

# પોણા ચાર કલાકની નવી 'બાહુબલી', ફિલ્મના બંને ભાગ એક સાથે આવશે

**રિલીઝ કરવાનો પહેલો પ્રયોગ : ફિલ્મનો પહેલો ભાગ ૧ કલાક ૪૨ મિનિટ અને બીજો ભાગ ૨ કલાકનો**



આ શુક્રવારે 'બાહુબલી: ધ એપિક' રિલીઝ થઈ રહી છે, જેમાં બાહુબલી સિરીઝની બંને ફિલ્મ એકસાથે લાવવામાં આવી રહી છે. જેમાં ૨૦૧૫માં આવેલી 'બાહુબલી: ધ બિગિનિંગ' અને ૨૦૧૭માં આવેલી 'બાહુબલી ૨ -ધ કન્કલ્યુઝન'ને એક જ ફિલ્મમાં સમાવી લેવામાં આવી છે. પહેલી બાહુબલી ફિલ્મ રિલીઝ થઈ તેની દસ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ રીતે કોઈ બે ફિલ્મ એકસાથે રિલીઝ થતી હોય એવી દુનિયાની કદાચ આ એકમાત્ર ઘટના છે. કેટલાક ફિલ્મ દર્શકો અને ઈન્ડસ્ટ્રીના લોકોએ આ અંગે શંકા પણ વ્યક્ત કરી હતી કે લોકો થિએટરમાં જઈને ફરી આ ફિલ્મ જોશે કે નહીં કારણ કે તે લોકોએ આ ફિલ્મ અત્યાર સુધીમાં એકથી વધુ વખત જોઈ લીધી છે. જોકે, આ શંકાઓ અને ડરને જવાબ મળી ગયો છે. કારણ કે સાઉથ અને વિદેશોમાં પણ આ ફિલ્મના એડવાન્સ બૂકિંગ પણ થઈ ગયા છે, ખાસ તો તેલુગુ ઓડિયન્સનો આ ફિલ્મને ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે.હાલ એવી ચર્ચા છે કે આ એક ફિલ્મની લંબાઈ ૩ કલાક અને ૪૫ મિનિટ છે. એવા અહેવાલ છે કે, તેમાંથી સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ''બાહુબલી:ધ એપિકનો ઈન્ટરવલ પહેલાનો ભાગ ૧ કલાક ૪૨ મિનિટ ૩૩ સેકન્ડ લાંબો છે, જ્યારે બીજો ભાગ બે કલાકથી પણ લાંબો છે, તેથી ફિલ્મના ઈન્ટરવલ પછીના ભાગની લંબાઈ ૨ કલાક ૩ મિનિટ અને ૧૧ સેકન્ડ છે. આમ આ ફિલ્મની કુલ લંબાઈ ૩ કલાક ૪૫ મિનિટ અને ૪૪ સેકન્ડ છે.''મહત્વની અને ચર્ચાની વાત એ છે કે આ પહેલાં જ્યારે આ પ્રકારની કોઈ લાંબી ફિલ્મ રિલીઝ થઈ છે, ત્યારે ફિલ્મમાં વચ્ચે એક નહીં પણ બે ઈન્ટરવલ આવતા હતા. જુના જમાનાના લોકો આજે પણ યાદ કરે છે કે રાજ કપૂરની ૧૯૬૪માં આવેલી સંગમ ૨૩૮ મિનિટ લાંબી એટલે કે ૩ કલાક અને ૫૮ મિનિટ લાંબી ફિલ્મ હતી, તેમાં બે ઈન્ટરવલ હતા. આ જ રીતે ૧૯૭૦માં આવેલી મેરા નામ જોકર ૨૫૫ મિનિટની એટલે કે ૪ કલાક અને ૧૫ મિનિટ લાંબી ફિલ્મ હતી, તેમાં પણ બે ઈન્ટરવલ હતા. જો થોડાં વર્ષો પહેલાંની વાત કરવામાં આવે તો ૧૯૯૪માં આવેલી હમ આપ કે હૈ કૌનમાં લાંબી ફિલ્મ રિલીઝ કરવામાં આવી પછી બે ઈન્ટરવલ આપવામાં આવ્યા હતા. પરંતુ સમયાંતરે ફિલ્મ પણ અંગ્રેજી ફિલ્મની જેમ બે કે અઢી કલાકની થતી ગઈ અને બે ઈન્ટરવલનો પ્રકાર બંધ થતો ગયો. ત્યાર પછી ૨૦૦૦માં ૨૧૫ મિનિટની મબોબ્બતેં આવી, ૨૦૦૧માં ૨૧૦ મિનિટની કભી ખુશી કભી ગમ આવી, ૨૦૨૩માં ૨૦૩ મિનિટની એનિમલ આવી, ૨૦૨૫માં ૨૦૪ મિનિટની ધ બેંગાલ ફાઈલ્સ આવી, આ બધી જ ફિલ્મમાં એક જ ઈન્ટરવલ હતો. જો બાહુબલીની જ બંને અલગ ફિલ્મની વાત કરવામાં આવે તો બાહુબલી:ધ બિગિનિંગની લંબાઈ ૧૫૯ મિનિટ હતી અને બાહુબલી ૨-ધ કન્કલ્યુઝનની લંબાઈ ૧૬૭ મિનિટ હતી.

# ઝાલોદ વણકતળાઈ હનુમાનજી મંદિરે શ્યામ જન્મોત્સવ (પાટોત્સવ)ને લઈ શ્યામ ભક્તોમા જોવા મળતી આતુરતા

## ખાટુંશ્યામનું મંદિર કેલેન્ડર વર્ષ મુજબ ૧૭૨૦ મા ખાટું મા નિર્મિત થયું હતું તેને લઈ શ્યામ ભક્તો આ દિવસને ઉત્સવ તરીકે ઉજવે છે



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ નગરમાં દેવ ઉઠી અગિયારસના દિવસે વણકતળાઈ હનુમાનજી મંદિરે શ્યામ જન્મોત્સવ ( પાટોત્સવ) ની ઉજવણી પ્રતિવર્ષની જેમ ધામધૂમથી કરવામાં આવનાર છે. આજના સમયમાં શ્યામ બાબાને માનનારા ભક્તોની સંખ્યા વધતી જાય છે. ખાટુંશ્યામ મંદિરની જેમ વણકતળાઈ હનુમાનજી મંદિરે આવેલ શ્યામ બાબા મંદિરમાં શ્રદ્ધાળુઓ દરરોજ દર્શન પૂજા કરવા આવતા હોય છે અને આ મંદિરે આસ્થા અને શ્રદ્ધા રાખી માનતા પણ રાખતા હોય છે અને માનતા પૂર્ણ થયે મંદિરે બાબા શ્યામના દર્શન કરવા અચૂક આવતા હોય છે. ઝાલોદ નગરમાં આવેલ શ્યામ બાબા નુ મંદિર ખૂબ ટૂંકા ગાળામાં ભક્તોના આસ્થાનું કેન્દ્ર બની ગયેલ છે અને આ મંદિરમાં સાચા મનથી કોઈપણ અરજી બાબા સમક્ષ મૂકવામાં આવતા બાબા શ્યામ તેની અરજી સાંભળે છે તેમજ શ્યામ ભક્તોના દરેક કામો બાબા શ્યામ કરે જ છે તેવો દાવો શ્યામ ભક્તો કરે છે. ઝાલોદ નગરમાં આવેલ શ્યામ બાબાનું મંદિર રાજસ્થાન અને મધ્યપ્રદેશના સરહદે આવેલ છે જેથી ઝાલોદ નગરમાં શ્યામ બાબાના દર્શન કરવા મોટા પ્રમાણમાં શ્યામ ભક્તો આવતા હોય છે. ખાટુંમા શ્યામ બાબા નું મંદિર કેલેન્ડર વર્ષ મુજબ ૧૭૨૦ મા દેવ ઉઠી અગિયારસના રોજ બનેલ હતું.જેને લઈ શ્યામ ભક્તો આ મંદિરના પાટોત્સવને શ્યામ બાબાના જન્મોત્સવની રીતે ઉજવે છે.બાબા શ્યામમા આસ્થા અને શ્રદ્ધા રાખનાર ભક્તો શ્યામ મંદિરના પાટોત્સવને શ્યામ બાબાના જન્મોત્સવ તરીકે ઉજવતા હોય છે શ્યામ પરિવાર ઝાલોદ દ્વારા વણકતળાઈ હનુમાનજી મંદિરે શ્યામ જન્મોત્સવ ( પાટોત્સવ) ની ભવ્યાતિભવ્ય ઉજવણી કરતું હોય છે. આ વર્ષે ૦૧-૧૧-૨૦૨૫ શનિવારના દિવસે બાબા શ્યામના જન્મોત્સવ નિમિત્તે કલકત્તા થી શ્યામ ભજનનું અમૃત રસનુ રસપાન રાત્રીના ૮ વાગે કરાવનાર છે. સાથેસાથે ભવ્ય દરબાર, અલૌકિક શણગાર, અખંડ જ્યોત દર્શન, ફટાકડાની ભવ્ય આતશબાજી, ભજન સંધ્યા દરમ્યાન પુષ્પ વર્ષા જેવા પ્રોગ્રામ પણ શ્યામ પરિવાર ઝાલોદ દ્વારા રાખવામાં આવેલ છે. બાબા શ્યામના ભવ્ય દરબારના દર્શન સાથે ભાવ ભજનનું રસપાન કરવા માટે શ્યામ પરિવાર દ્વારા તમામ શ્યામ ભક્તોને આ ભક્તિમય માહોલમાં જોડાવવા આમંત્રણ આપવામાં આવેલ છે.

# સંસાર ક્ષણે ક્ષણે બદલાય છે. મનુષ્ય શરીર મળે છે. પાપ ભોગવવું પડે છે તેમ પુણ્ય પણ ભોગવવું પડે છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ૧૫૦મી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિએ ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો પતિ તે જ દિવસે ઘરે પાછા આવ્યા તેથી કયાધુને આશ્ચર્ય થયું.પરંતુ સીધે સીધું કારણ પતિ ને પૂછાય તેમ ન હતું. કયાધુએ વિચાર્યું, યુક્તિથી કામ કરીશ તો કારણ જાણી શકાશે.પતિની ખાનગી વાત જાણવી હોય તો આ કયાધુને ગુરુ કરજો. ભોજનમાં વશીકરણ હોય છે.નોકરોનેઆજ્ઞા કરી,મારા પતિ દેવને માટે હું જ રસોઈ બનાવીશ.એ હતી માનસ શાસ્ત્ર જાણનારી.સ્ત્રી માત્રઆટલું માનસશાસ્ત્ર જાણતીહોય છે કે, પતિને કેવી રીતે પ્રસન્ન કરવો કહ્યું છે કે લોભીને દ્રવ્યથી વશ કરવો. અભિમાનીને વખાણથી વશકરવો ભોજે કાલિદાસને એક વખત પૂછ્યું કે, દુનિયામાં ખાંડ કરતાં ગળ્યું શું? કાલિદાસે પટ જવાબ આપ્યો કે, વખાણ!હિરણ્યકશિપુઅભિમાની હતો. કયાધુએ વખાણ શરૂ કર્યાં. કહે,ઈન્દ્રચંદ્રાદિ દેવો તમારાથી થરથર કાંપે છે.આપના જેવો વીર થયો નથી અને થવાનો નથી.હું ભાગ્યશાળી કે આપ જેવા પતિ મને મળ્યા! ધારેલું કામ કર્યા વગર તમે પાછા ફરો એ બને જ નહીં. હું તો દશ હજાર વર્ષે તમારાં દર્શન થશે એવું ધારતી હતી! હિરણ્યકશિપુ ખુશ ખુશ થઈ કહે, દશ હજાર વર્ષે જ હું આવવાનો હતો, પણ જરી અપશુકન થયા! હું એક વૃક્ષ નીચે બેસી તપશ્ચર્યા કરતો હતો ત્યાં એક પોપટ આવી નારાયણ, નારાયણ એમ બોલવા લાગ્યો. મને થયું કે, એની જીભ ખેંચી કાઢું!કયાધુ સાચી ધર્મપત્ની હતી.પતિ અનિચ્છાએ પણ નારાયણનું નામ બોલ્યા તેથી તેને આનંદ થયો.તેને થયું કે,હું એમની પાસે આ નામ વધારે બોલાવું. એમ કરતાં કદાચ એમને એ નામ પર પ્રીતિ થઈ જાય તો એમનો અવતારને મારું જીવનસુધરીજાય પતિને ધર્મમાર્ગે વાળેએધર્મપત્ની. કયાધુને લાગણી હતી કે, મારા પતિદેવ સુધરે. એટલે એણે ફરી પૂછ્યું,શું થયું વનમાં?હિરણ્યક શિપુ કહે,એક પોપટ આવી નારાયણ નારાયણ બોલવા લાગ્યો..! કયાધુ કહે,શું બોલવા લાગ્યો પોપટ? હિરણ્યકશિપુ કહે, નારાયણ,નારાયણ!કયાધુ કહે, પોપટ કાંઈ બીજું બોલતો હશે?હિરણ્યકશિપુ કહે,ના, ચોખ્ખું નારાયણ,નારાયણ કરતો હતો. કથાકાર કહે છે કે,કયાધુએ આ પ્રસંગનો લાભ લઈ પતિ પાસે ૧૦૮ વખત નારાયણનો જય કરાવ્યો. માતા-પિતા ભગવાનનું નામ લેતાં હતાં તે વખતે પ્રહલાદ જી માના પેટમાં આવ્યા.આથી હિરણ્યકશિપુ રાક્ષસ,છતાં પ્રહલાદ મહાન ભગવદ ભક્ત થયા.પછી હિરણ્યકશિપુ તપશ્ચર્યા કરવા ગયો.છત્રીસ હજાર વર્ષો તપશ્ચર્યા કરી છે. અન્નજળનો ત્યાગ કર્યો છે. કળિ યુગમાં અન્ન-જળમય પ્રાણ છે. અન્ન-જળ વગર પ્રાણ રહે નહીં, પણ સત્યુગમાં અસ્થિમય પ્રાણ હતા.આ સત્યુગની વાત છે. કેવળ તપ કરવાથી મનુષ્યનું કલ્યાણ થતું નથી. તપની પાછળ ભાવના શુદ્ધ હોવી જોઈએ, હેતુ શુદ્ધ હોવો જોઈએ. હિરણ્યકશિપુનો હેતુ શુદ્ધ ન હતો યોગની પાછળ શુદ્ધ હેતુ ન હોય તો તપસ્વી યોગીનું પતન થાય છે. તપ કે યોગથી બીજી શક્તિઓ આવશે પણ હૃદય વિશાળ થશે નહીં. બ્રહ્માનુભૂતિ વગર હૃદય વિશાળ થતું નથી. હિરણ્યકશિપુની તપશ્ચર્યા કેવળ ભોગવિલાસ માટે હતી.દેવોને ત્રાસ આપવા માટે હતી. ગીતાજીની ભાષામાં કહીએ તો તેનું તપ તામસ તપ હતું,તેથી તેનું જેવું મળવું જોઈએ તેવું ફળ ન મળ્યું. હિરણ્યકશિપુની તપશ્ચર્યા થી પ્રસન્ન થઈ બ્રહ્માજી પધાર્યા. રાફડા ઉપર જળ છાંટ્યું. રાફડામાંથી હિરણ્યકશિપુ બહાર આવ્યો. બ્રહ્માજીએ પૂછ્યું, માગ, માગે તે આપું. હિરણ્યકશિપુ કહે, મહારાજ,મારે બીજું કાંઈ જોઈતું નથી.હું દહાડે ન મરું,રાત્રે ન મરું, જડથી ન મરું, ચેતનથી ન મરું, ઘરમાં ન મરું,ઘરની બહાર ન મરું હું શસ્ત્રથી ન મરું,અસ્ત્રથી નમરું તેવું વરદાન આપો! માગે તેને ના કેમ કહેવાય?અને આ તો તપસ્યાનું ફળ માગતો હતો! તપસ્યાનું ફળ ન માગે તે ઉત્તમ, પણ માગે તેને તો આપવું પડે. બ્રહ્માજીએ વરદાન આપ્યું. હિરણ્યકશિપુની શક્તિ વધી. ઈન્દ્ર વગેરે દેવોનો તેણે પરાભવ કર્યો. દેવો ઘણા દુઃખી થયા. પરમાત્માને પ્રાર્થના કરી. ભગવાને દેવોને આશ્વાસન આપ્યું કે,જ્યારે તે પોતાના પુત્ર પ્રહલાદને મારવા તૈયાર થશે ત્યારે હું અવતાર ધારણ કરીશ અને તેને મારીશ. આ બાજુ પ્રહલાદનો જન્મ થયો છે. પ્રહલાદ ધીરે ધીરે મોટા થાય છે.સર્વને આહલાદ-આનંદ આપતા એટલે એનું નામ પ્રહલાદ. પ્રહલાદ પાંચ વર્ષના થયા છે.દૈત્યોના ગુરુ હતા શુક્રાચાર્ય. તેમના પુત્ર હતા શંડ અને અમર્ક. હિરણ્યકશિપુએ શંડામર્કને કહ્યું કે, આ બાળકને રાજનીતિ ભણાવો.શંડામર્ક પ્રહલાદજીને રાજનીતિ શીખવાડે છે. પરંતુ પ્રહલાદને તો ભગવાન વાસુદેવ ઉપર સ્વાભાવિક પ્રીતિ હતી. શ્રીકૃષ્ણ તેના હૃદયને એવું ખેંચી લીધું હતું કે, જગતની સુધબુધ તેને રહેતી ન હતી.ભક્તિ નો રંગ જલદી લાગતો નથી અને લાગી જાય પછી તેને સંસાર ની પ્રવૃત્તિ ગમતી નથી. મીરાંબાઈ એ કહ્યું છે,મારા શ્રીકૃષ્ણનો રંગકાળો છે.કાળારંગ ઉપર કોઈદુજોએટલે બીજો રંગ લાગતોનથી.પ્રહલાદ જીને જન્મથી ભક્તિનો રંગ લાગ્યો હતો.પ્રહલાદ મહાવૈષ્ણવ છે.ગુરુ જે ભણાવે તે સાંભળે છે ગુરુજીએ વિચાર કર્યો કે, છોકરો ડાહ્યોછે.તેની કેળવણી જોઈ તેના પિતા મને ઈનામ આપશે શંડામર્ક પ્રહલાદને દરબારમાં લઈ આવેછે. પ્રહલાદ પિતાજીને પ્રણામ કરે છે. હિરણ્યકશિપુએ બાળકનેઉઠાવી ગોદમાં લીધો,પ્યાર કર્યો.પછીપૂછે છે,બેટા,ગુરુજીને ઘરે જે ઉત્તમમાં ઉત્તમ પાઠ શીખ્યો હોય તે બોલ! પ્રહલાદજીએ વિચાર્યું કે, પિતાજી ઉત્તમમાં ઉત્તમ પાઠ શું શીખ્યો એમ પૂછે છે,એટલે એમણે પોતાના ચિંતનમાંથી જે ઉત્તમ પાઠ તારવ્યો તે. ચિત્ત જેમાં એકાકાર કર્યું હતું તે પાઠ ભણ્યો. તેમણે કહ્યું, અંધારા કૂવા જેવું ઘર માણસના અધઃ પતનનું મૂળ છે, તેનો ત્યાગ કરી વનમાં જવું અને હરિનું શરણુંલેવું

પિતાજી,અનેક જન્મોનાઅનુભવ ઉપરથી કહું છું.આ જીવ અનેક વખત સ્ત્રી,પુરુષ,પશુ,પક્ષી બન્યો છે.હજારો જન્મથી તે લૌકિકસુખ ભોગવે છે,છતાં તેને તૃપ્તિ થતી નથી.તૃપ્તિ માત્ર ત્યાગથી થાય છે. સંસારએ દુઃખનો દરિયો છે.પ્રત્યેક જીવ દુઃખી છે. પાપ-પુણ્ય સમાન બને છે, ત્યારે આ મનુષ્ય શરીર મળે છે.

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યોજાનાર પદયાત્રાને અનુલક્ષી કલેક્ટર શ્રી સુજિત કુમારના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

આગામી તા.૧૦ થી તા.૧૮ નવેમ્બર દરમિયાન જિલ્લામાં સરદાર@૧૫૦ અંતર્ગત જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં મળી, કુલ ૨૧ જેટલી પદયાત્રાઓ યોજાશે લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અનુસંધાને આગામી તા.૧૦ થી તા.૧૮ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન અમદાવાદ જિલ્લામાં સરદાર@૧૫૦ અંતર્ગત જિલ્લાના દરેક વિધાનસભા વિસ્તારમાં પદયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેના સુચારુ આયોજન માટે અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી સુજિત કુમારના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.





આ બેઠકમાં અમદાવાદ જિલ્લામાં શહેરી વિસ્તારમાં ૧૬ અને ગ્રામ્ય વિસ્તારમાં પાંચ એમ મળી, કુલ-૨૧ જેટલી પદયાત્રાઓના આયોજન અંગે વિવિધ વિભાગના અધિકારીઓને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પદયાત્રા દરમિયાન વિવિધ વિકાસ કામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત, સ્વચ્છતા અભિયાન, વનનિર્માણ, નિબંધ અને ક્વિઝ સહિતની સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ પદયાત્રા સરદાર વલ્લભભાઈ પટેલના 'એકીકૃત ભારત'ના દૃષ્ટિકોણને પ્રધાનમંત્રીશ્રીના 'વિકસિત અને આત્મનિર્ભર ભારત'ના મિશનથી જોડીને જનભાગીદારીથી સાચા અર્થમાં એક રાષ્ટ્રીય અભિયાન બનશે. આ પદયાત્રામાં સરકાર તથા સામાજિક સંસ્થાઓ ગામ/નગરના તમામ નાગરિકો, કોલેજો, સહકારી સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંગઠનો અને એકમો તથા વાણિજ્યિક સંગઠનો અને એકમો, સ્વૈચ્છિક સંગઠન વગેરે સક્રીય રીતે જોડાય તે માટે વિવિધ કમિટીઓની રચના કરવામાં આવી છે અને આ તમામ કમિટીઓએ કરવાની થતી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર, પ્રાંત અધિકારીઓ સહિત વિવિધ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા અને સદવિચાર પરિવારના સંયુક્ત ઉપક્રમે પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્ર અને પેથોલોજી લેબોરેટરીનો શુભારંભ સમારોહ યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ દેશના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ (રાષ્ટ્રીય એકતા દિવસ) નિમિત્તે, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા અને સદવિચાર પરિવારના સંયુક્ત ઉપક્રમે એક અતિ મહત્વપૂર્ણ પહેલનો શુભારંભ કરવામાં આવશે. ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને પોષાય તેવા ભાવે દવાઓ અને ખર્ચાળ પરીક્ષણોની સુવિધા પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્ર અને પેથોલોજી લેબોરેટરીનો શુભારંભ યોજાશે. આ શુભારંભ કાર્યક્રમ સમર્પણ વિદ્યાપીઠ કેમ્પસ, રામદેવનગર ચાર રસ્તા પાસે, બોડકદેવ ટેકરા, સેટેલાઈટ રોડ, અમદાવાદ ખાતે તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫, શુક્રવારે, સાંજે ૫:૦૦ કલાકે યોજાશે. આ પ્રસંગે માનનીય શ્રી અજયભાઈ એચ. પટેલ, ચેરમેનશ્રી (ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા તથા ગુજરાત રાજ્ય સહકારી બેંક)ના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે. આ ઉપરાંત, મુખ્ય મહેમાનો તરીકે શ્રી દેવાંગભાઈ દાણી, ચેરમેનશ્રી (સ્ટેન્ડિંગ કમિટી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન), ડો. નીતિન સુમત શાહ, ચેરમેનશ્રી (હાર્ટ ફાઉન્ડેશન અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ), અને શ્રી જશુભાઈ ઠાકોર, ચેરમેનશ્રી (હેલ્થ કમિટી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન) ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. આ કેન્દ્રના શુભારંભથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને રાહતદરે ગુણવત્તાસભર દવાઓ અને રોગ નિદાનની સુવિધા એક જ સ્થળે મળી રહેશે, જે 'સર્વે ભવન્તુ સુખિનઃ' ના ઉમદા ભાવને સાર્થક કરશે.

# રાજ્ય મંત્રીશ્રી સંજયસિંહ મહિડાની અધ્યક્ષતામાં આપત્તિ વ્યવસ્થાપન અને કમોસમી વરસાદ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

મહેસુલ, પંચાયત અને આપત્તિ વ્યવસ્થાપન, રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી નડિયાદ ખાતે આપત્તિ વ્યવસ્થાપન અને કમોસમી વરસાદ અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ખેડા જિલ્લામાં થયેલ કમોસમી વરસાદની પરિસ્થિતિ અને આપત્તિ વ્યવસ્થાપન કામગીરી બાબતે પ્રેઝન્ટેશન દ્વારા માહિતી રજૂ કરવામાં આવી હતી. મંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ કમોસમી વરસાદને લીધે ખેડા જિલ્લામાં થયેલ ખેતીના પાકને નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે સંબંધીત અધિકારીઓને સત્વરે પાક નુકસાનીનો સર્વે પૂર્ણ કરી અસરગ્રસ્ત વિસ્તારોમાં સહાય મળી રહે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. આ સર્વેની કામગીરી વધુ અસરકારક અને પ્રમાણિત બનાવવા જે તે વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કિસાન મોરચાના પ્રમુખોને સંકલનમાં રાખી પાક નુકસાનનો સર્વે કરવા જણાવ્યું હતું. બેઠક અંતર્ગત ઉપસ્થિત કિસાન મોરચાના પ્રમુખશ્રીઓ અને પ્રતિનિધિઓ દ્વારા પાક નુકશાન વળતર માટે મોબાઈલ હેલ્પલાઈન નંબર, ટેકાના ભાવે ખરીદીના પ્રમાણમાં વધારો, અનાજ પુરવઠા સેન્ટરની સંખ્યામાં વધારો કરવા જેવી બાબતોની રજૂઆત કરી હતી. કલેક્ટરશ્રીએ પાક નુકસાની સર્વે બાબતે ઝડપી અને ૧૦૦% સચોટ કામગીરી દ્વારા કોઈપણ નાના-મોટા ખેડૂત સરકારના લાભથી વંચિત ના રહી જાય તે પ્રકારની વ્યવસ્થા કરવા તથા કિસાન પ્રતિનિધિઓની રજૂઆતોનું સત્વરે નિરાકરણ લાવવા ખાતરી આપી હતી. બેઠક અંતર્ગત તમામ વિધાનસભાના ધારાસભ્યશ્રીઓએ પોતાના મતવિસ્તારને લગતી ખેતી વિષયક નુકસાન બાબતે રજૂઆત કરી હતી અને સમયસર ખેડૂતોને સરકારની સહાય મળે તે મુજબ કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં ધારાસભ્ય સર્વે શ્રી પંકજભાઈ દેસાઈ, શ્રી અર્જુનસિંહ ચૌહાણ, શ્રી કલ્પેશભાઈ પરમાર, શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, શ્રી રાજેશ ઝાલા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, અગ્રણી શ્રી નયનાબેન પટેલ, એપીએમસી ચેરમેન શ્રી, કિસાન મોરચાના પ્રમુખશ્રીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ, ખેતીવાડી, આપત્તિ વ્યવસ્થાપન સહિત રેવન્યુ અને પંચાયત વિભાગના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ ખાતે ઓક્ટોબર માસનો જિલ્લા કક્ષાનો 'સ્વાગત કાર્યક્રમ' યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ ખાતે ઓક્ટોબર માસનો જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ કલેકટર કચેરી ખાતે યોજાયો હતો. આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેકટર શ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જિલ્લા કક્ષાના આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કુલ ૧૫ જેટલા અરજદારો હાજર રહ્યા હતા. તમામ અરજદારોની સમસ્યાને કલેકટરશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. આ ઉપરાંત તેમણે વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને ચોક્કસ સમયમાં પ્રશ્નોના નિકાલ લાવવાની સૂચના પણ આપી હતી. જિલ્લા કલેકટરશ્રીએ તમામ અરજદારોની સમસ્યા સાંભળી નિયત સમયમાં હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી. આ સ્વાગત કાર્યક્રમમાં ૧૫ જેટલા અરજદારોના



વિવિધ પ્રશ્નો જેવા કે, જમીન માપણીમાં થયેલ ભૂલ સુધારવા બાબત, ગેરકાયદેસર બાંધકામ અને દબાણ દૂર કરવા બાબત, પ્રાથમિક સુવિધાઓ અંગે, રસ્તાના સમારકામ કરવા બાબત, પીવાનું પાણી દૂષિત આવવા બાબત, રેશનકાર્ડમાં નામ ઉમેરવા બાબત, સર્વે નંબરમાં સુધારો કરવા બાબત જેવા અનેક પ્રશ્નોમાંથી ૧૦ જેટલા પ્રશ્નોનો કલેકટરશ્રીએ સ્થળ પર જ ત્વરિત નિકાલ કર્યો હતો. પોતાની સમસ્યાનું નિરાકરણ આવતા તમામ અરજદારોના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું. અને તમામ અરજદારોએ સ્વાગત કાર્યક્રમની પહેલને બિરદાવી સરકાર તથા જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

# સરદાર પટેલે એક કરેલ દેશ હવે જ્ઞાતિ, ધર્મ, કે સંપત્તિને નામે વિભાજિત થઈ રહ્યો છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

દરેક મહિનાની કોઈ ને કોઈ વિશેષતા છે, અને ઓક્ટોબરમાં તો આવી બે વિશેષતા આવે છે! ઉપરથી બંને વિશેષતા રાષ્ટ્રપ્રેમ જાગૃત કરે છે, ૨ ઓક્ટોબર એ ગાંધી જયંતી અને ૩૧ ઓક્ટોબર એ સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી, અને બંને ગુજરાતી છે! બંનેનું દેશની આઝાદીમાં સારું એવું યોગદાન રહ્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલને આપણે સૌ લોખંડી પુરુષ તરીકે ઓળખી છીએ! તેઓ કહેતા શરીરે ભલે દૂબળાં હો પણ કાળજું હંમેશા સિંહનું રાખો! કારણકે સત્ય માટેનો અવાજ પણ સિંહ જેવો બુલંદ હોવો જોઈએ. આઝાદ ભારતના નાના મોટા રજવાડાઓને એકત્રિત કરીને એક દેશની સ્થાપના કરી, અને એટલે ૩૧ ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ગુજરાતમાં નડિયાદના એક સામાન્ય ખેડુતના ઘરમાં ૩૧મી ઓક્ટોમ્બર, ૧૮૭૫માં થયો હતો. તેમના માતા-પિતા ખુબ જ ધાર્મિક હતાં. વલ્લભભાઈએ તેમનું શિક્ષણ ગુજરાતીમાં જ લીધું હતું. માત્ર ૧૮ વર્ષની ઉંમરે તેમના લગ્ન ૧૩ વર્ષની ઝવેરબા સાથે થયા અને માત્ર ૩૩ વર્ષમાં ઝવેરબા બે સંતાન મુકીને આ દુનિયામાંથી વિદાય થયા! અને છતાં આ પુરુષે લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો. તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ હતાં અને બંને વચ્ચે ગજબ ભ્રાતૃપ્રેમ હતો. ઝવેરબા ના અંતિમ સમયે તેઓ આઝાદીની ચળવળમાં હતાં અને અંતિમ સમયે હાજર ન રહી શક્યાનો ડંખ એમને જીંદગીભર રહ્યો. ૧૯૧૦માં વકીલાત માટે ઈગ્લેંડ ગયાં હતાં. ૧૯૧૩માં તેઓને વકીલની પદવી મળ્યા બાદ ભારત પાછા ફર્યા હતાં. ત્યાર બાદ તેઓ ગાંધીજીથી પ્રભાવીત થઈને આઝાદીની ચળવળ માટે તેમની સાથે જોડાઈ ગયાં હતાં. ગાંધીજી અને સરદાર વલ્લભભાઈનો સંબંધ ગુરુ-શિષ્ય જેવો હતો. વલ્લભભાઈને ખેડૂતો પ્રત્યે ખુબ જ પ્રેમ હતો. તેથી તેઓએ ખેડૂતો માટે ખુબ જ સારા કાર્યો કર્યાં હતાં. જ્યારે ૧૯૨૮માં સરકારે ખેડૂતો પર જમીનને લગતો ટેક્સ નાંખ્યો ત્યારે તેઓએ ખેડૂતોને સત્યાગ્રહ માટે તૈયાર કર્યાં અને તે ટેક્સ ભરવાની મનાઈ કરી દીધી. તેઓએ ખેડૂતો સાથે મળીને બારડોલી સત્યાગ્રહ કર્યો હતો. તેથી સરકારે વલ્લભભાઈને અને ખેડૂતોને પણ જેલમાં પુરી દીધા હતાં. ત્યારથી ગાંધીજીએ તેમને 'સરદાર'નું બીરુદ આપ્યુ હતું. ૧૯૩૦ માં જ્યારે ગાંધીજીએ મીઠા માટે સત્યાગ્રહ કર્યો હતો ત્યારે તેમાં પણ વલ્લભભાઈ તેમની સાથે હતાં. ૧૯૪૨માં ગાંધીજીએ 'ભારત છોડો' આંદોલન શરૂ કર્યું ત્યારે પણ બ્રીટીશ સરકારની વિરુધ્ધ વલ્લભભાઈ તેમની સાથે હતાં તેથી બ્રીટીશ સરકારે ગાંધીજી, જવાહરલાલ સહિત વલ્લભભાઈને પણ જેલમાં પુરી દીધા હતાં. તેઓ પોતાના દેશ માટે ઘણી વખત જેલમાં ગયાં હતાં. તેઓ જ્યારે જેલમાં હતાં તે સમયે જ તેઓના માતા પિતાનું મૃત્યું થઈ ગયું હતુ છતાં પણ તેઓ સહેજ પણ ન્હોતાં ડગ્યાં. આઝાદ ભારતને પણ બ્રિટિશ શાસન જેવું સેવાકીય અને કાયદાકીય કામગીરીનું એક સુવ્યવસ્થિત સુંદર માળખું મળી રહે એ માટે સરદાર વલ્લભભાઈ પટેલ જ સીવીલ સર્વિસ ડેની હિમાયત કરી હતી, અને સૌ પ્રથમ વખત ભારતનાં ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ આ કાર્યક્રમ દિલ્હીના મેટકાફ હાઉસ ખાતે યોજાયો હતો.સરદાર વલ્લભભાઈ પટેલે દિલ્હી ખાતે અખિલ ભારતીય વહીવટી સેવા તાલીમ શાળામાં પ્રોબેશનરી અધિકારીઓને સંબોધિત કર્યા હતાં, અને ત્યારથી ૨૧ એપ્રિલને રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેમણે અહીં ખૂબ પ્રભાવી ભાષણ આપ્યું હતું, અને સનદી અધિકારીઓને ભૂતકાળના અનુભવોને છોડીને રાષ્ટ્રની સેવા કરવાની સાચી ભૂમિકા નિભાવવા માટે સમજાવ્યા હતાં. તેમના ભાષણમાં તેમણે સનદી અધિકારીઓને 'ભારતની સ્ટીલ ફ્રેમ' ગણાવી હતી. એમણે કહ્યું હતું કે હકીકતમાં તો આ બધાં સરકારી કર્મચારીઓ કે જેઓ વિવિધ વિભાગોમાં અથવા સરકારના વિવિધ ક્ષેત્રોમાં વિવિધ સ્તરે એટલે પદ પર રહી જનતા માટે કામ કરી રહ્યા છે. તેઓ જ દેશની વહીવટી વ્યવસ્થાના સાચાં સહાયક સ્તંભ તરીકે કામ કરે છે, અને એટલે જ દેશમાં વ્યવસ્થા બની રહે છે, આમ કહીને એમની કામગીરીને બિરદાવી પુરસ્કારિત કરી અને આજે પણ દેશમાં એ જ રીતે વ્યવસ્થા ગોઠવાયેલી છે! હાં એ એકવાત જુદી છે કે હવે ભાગ્યે જ કોઈ નાગરિક સેવાને ઉપર રાખી પોતાનું કર્તવ્ય કરે છે! ભ્રષ્ટાચાર ઉંધઈ જેમ બધે જ પ્રસરી ગયો છે. સૌનાં હૃદયમાં સરદાર વલ્લભભાઈ પટેલની યાદને કાયમ જીવંત રાખતી સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા આપણા દેશની એકતાનું પ્રતીક છે. દેશના પ્રેરણાપુરુષ, દેશના ઘડવૈયા સરદાર પટેલ દ્વારા દેશ માટે કરવામાં આવેલી અમૂલ્ય કામગીરીની યાદમાં બનાવવામાં આવી છે. નર્મદાકિનારે આવેલા કેવડિયા નજીક ગિરિમાળાઓ વચ્ચે આવેલા સાધુબેટ પર તે ઊભી કરવામાં આવી છે. આ પ્રતિમા ૧૮૨ મીટર ઊંચી છે. તેના નિર્માણની શરૂઆત ૧૩ ઓકટોબર ૨૦૧૩ના રોજ થઈ હતી. આ આખા પ્રોજેકટનો ખર્ચ ૩૦૦૦ કરોડ રૂપિયા થયો હતો. આ પ્રતિમાના નિર્માણનો હેતુ એ છે કે સરદાર પટેલના એકતા, રાષ્ટ્રવાદ અને સુશાસન જેવા સિદ્ધાંતો આવનારી પેઢી માટે પ્રેરક બને. વિશ્વની આ સૌથી ઊંચી પ્રતિમા છે. તે વિશ્વની અદ્ભુત અજાયબી જ બની ગઈ છે તેમ સમજોને. અત્યાર સુધી કેટલાંય લાખ સહેલાણીઓ આ સ્મારકની મુલાકાત લઈ ચૂક્યા છે. આ પ્રતિમાનું ઉદ્ઘાટન ૩૧મી ઓકટોબર ૨૦૧૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. તેઓનુ મૃત્યું ૧૯૫૦માં ૧૫ ડીસેમ્બરે બોમ્બેમાં થયું હતું, અને ત્યારે તે નાયબ વડાપ્રધાનનું પદ ધરાવતા હોવા છતાં પણ એની સંપત્તિ પૂરાં ૩૦૦ પણ ન્હોતાં! એક રેંટિયો અને બીજી પરચૂરણ વસ્તુ સિવાય કંઈ જ હતું નહીં. વિચારો આજે જે નેતાઓ મોંઘી મોંઘી ગાડીઓમાં ફરે છે, અને લગભગ કરોડોની મિલકત મેળવવા પહેલાં તો પ્રજાનું કોઈ કામ થતું જ નથી! તે સમયે જાણે કે ગુજરાતને કોઈ મહાન યોધ્ધો ગુમાવ્યો હોય તેટલો આઘાત લાગ્યો હતો. ગુજરાતમાં આવા મહાન પુરૂષો પહેલાં પણ હતાં અને આજે પણ છે અને હંમેશા થતાં આવશે. પણ બીજા સરદાર વલ્લભભાઈ પટેલ ક્યારે મળશે તે ખબર નથી. કારણ કે ૫૬૨ રજવાડાઓ પાસેથી એનું રાજ્ય લેવું અને એક દેશની રચના કરવી એ ખરેખર બહુ જ અઘરી જવાબદારી હતી! અને એ જવાબદારી એમણે બખૂબી નિભાવી.પણ ગાંધીજીની જેમ જ લોકો એને પણ જયંતી એ જ યાદ કરે છે, બાકી આવા મહાનુભવોને લીધે જ આજે ગુજરાતનો જયજયકાર થઈ રહ્યો છે! એ સત્ય યાદ રાખવા જેવું ખરું! તો જીવનમાં દેશહિત કે સમાજ કલ્યાણના ધ્યેય માટે લોખંડ જેવા સરદાર વલ્લભભાઈ પટેલ ને એમની ૧૫૦ મી જન્મજયંતિ એ કોટી કોટી પ્રણામ અને આપણાં સૌમાં આવો જ દેશપ્રેમ બની રહે! જે પુરુષ એ દેશને એક કરવા જીંદગી ખર્ચી નાખી એ જ દેશને આપણે આજે જ્ઞાતિ, ધર્મ કે સંપત્તિ જેવા પરિબળોને કારણે વિભાજીત કરી રહ્યા છીએ એ શું યોગ્ય છે?? વિચારો ... જય હિન્દ.

## ન્યૂઝ બ્રિફ

### સાક્ષીને ધમકાવવા બદલ પોલીસ સીધી ફરિયાદ નોંધી શકેઃ સુપ્રીમ કોર્ટનો ચુકાદો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સુપ્રીમ કોર્ટે એક મહત્વનો ચુકાદો આપતા કહ્યું કે, ભારતીય દંડ સંહિતાની કલમ ૧૯૫એ હેઠળ સાક્ષીને ધમકી આપવી સજાપાત્ર ગુનો બને છે. આ ગુના બદલ પોલીસ આરોપી વિરુદ્ધ સીધી ફરિયાદ દાખલ કરી શકે છે અને તપાસ શરૂ કરી શકે છે.જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે કેરળ હોઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો જેમાં આઈપીસીની કલમ ૧૯૫એ હેઠળ સાક્ષીને ધમકાવવાના ગુના બદલ પોલીસ એફઆઈઆર દાખલ કરી શકે નહીં અને આવા ગુનાની સુનાવણી માત્ર સંબંધિત કોર્ટ દ્વારા સીઆરપીસીની કલમ ૧૯૫ અને ૩૪૦ હેઠળ લેખિત ફરિયાદ દ્વારા જ થઈ શકે તેમ જણાવાયું હતું. સુપ્રીમ કોર્ટે ૨૮ ઓક્ટોબરના ચુકાદામાં હાઈકોર્ટના વલણ અંગે અસહમતિ દર્શાવતા કહ્યું કે, કલમ ૧૯૫એ આઈપીસીને જાણીજોઈને એક અલગ તથા વિશેષ ગુનાના રૂપ માં તૈયાર કરાઈ છે, જેની પ્રક્રિયા અને રસ્તો અલગ છે. આ ગુનો કોગ્નીઝેબલ શ્રેણીમાં આવે છે.

### રાપરના ત્રંબામાં પ્રેમસંબંધની શંકામાં મિત્રએ મિત્રની કરી હત્યા

। (એજન્સી) રાપર, તા.૩૦ ।

રાપર તાલુકાના ત્રંબો ગામે પ્રેમ સંબંધની શંકાના આધારે એક મિત્રએ જ અન્ય મિત્રની હત્યા કરી નાખવાનો બનાવ સામે આવ્યો છે. ત્રંબો ગામથી તેના પિતરાઈ ભાઈ સાથે રાપર જવા નીકળેલા યુવકને અધવચ્ચે જ તેના મિત્રએ પોતાની બહેન સાથે પ્રેમ સંબંધ હોવાની શંકા રાખીને પાઈપ વડે માર મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડ્યો છે અને આગળની તપાસ હાથ ધરી છે.મૃતકના પિતા નારણ ડોડીયાએ નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ, ગત રાત્રિના લગભગ નવ વાગ્યાના અરસામાં તેમના ભત્રીજા ધર્મેન્દ્ર સાથે તેમનો ૨૪ વર્ષીય પુત્ર ધનસુખ ડોડીયા એક્ટિવા પર રાપર જવા નીકળ્યો હતો. થોડા સમય બાદ ભત્રીજાનો ફોન આવ્યો કે ગામના ભરત કેશાભાઈ કોલીએ ધનસુખને પાઈપ વડે માર મારી ફરાર થઈ ગયો છે.પિતા ઘટનાસ્થળે પહોંચતા પુત્ર ધનસુખ લોહી લુહાણ હાલતમાં પડ્યો હતો અને તેમાં કોઈ હલનચલન નહોતું. કોઈએ ૧૦૮ હેલ્પલાઈનમાં ફોન કરતાં આવેલી એમ્બ્યુલન્સ મારફતે તેને રાપર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી ભરત કોલીની પિતરાઈ બહેન સાથે મૃતક ધનસુખને પ્રેમ સંબંધ હોવાની શંકા રાખીને તેણે આ હત્યાને અંજામ આપ્યો હતો.



આર્જેન્ટિનાના બ્યુનોસ એરેસમાં કોપા લિબર્ટાડોરસ સેમિફાઈનલના બીજા લેગ ફૂટબોલ મેચમાં આર્જેન્ટિનાના રેસિંગ ક્લબ સામે જીતની ઉજવણી બ્રાઝિલના ફ્લેમેંગોના ખેલાડીઓ કરે છે.

### ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર મોદીની પ્રશંસા કરી

# ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવવાનો ખોટો દાવો કર્યો

### ટ્રમ્પે પીએમ મોદીને સૌથી સુંદર માણસ ગણાવ્યા છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર વડા પ્રધાન મોદીની પ્રશંસા કરી રહ્યા છે. બુધવારે, તેમણે ફરી એકવાર પીએમ મોદીની પ્રશંસા કરી, તેમને સૌથી સુંદર માણસ ગણાવ્યા.

જોકે, તેમની પ્રશંસા કર્યા પછી, ટ્રમ્પે પણ તેમના ખોટા દાવાને પુનરાવર્તિત કર્યો. તેમણે પુનરાવર્તિત કર્યું કે તેમણે આ વર્ષના મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જોકે ભારતે વારંવાર તેમના દાવાને નકારી કાઢ્યો છે. આ પ્રસંગે, ટ્રમ્પે ભારત-અમેરિકા વેપાર કરાર પર હસ્તાક્ષર થવાની પણ વાત કરી હતી.

ટ્રમ્પે દક્ષિણ કોરિયામાં એક લંચ દરમિયાન એશિયા-પેસિફિક આર્થિક સહકાર (છઁઈઝ)ના વ્યાપાર નેતાઓને સંબોધતા આ ટિપ્પણીઓ કરી હતી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમણે આ વર્ષની શરૂઆતમાં વેપાર દબાવનો લાભ લઈને બે પરમાણુ સશસ્ત્ર પડોશીઓ વચ્ચે યુદ્ધ ટાળ્યું હતું.

ટ્રમ્પે કહ્યું કે બે પરમાણુ દેશો એકબીજા સાથે લડી રહ્યા હતા. તેઓ કહી રહ્યા હતા, "ના, ના અમને લડવા દો. તેઓ ખૂબ જ મજબૂત લોકો છે. વડા પ્રધાન મોદી ખૂબ જ સુંદર દેખાડવા માણસ છે, પણ તેઓ એક મજબૂત નેતા છે, ખૂબ જ કઠોર છે. પરંતુ થોડા સમય પછી, બંનેએ ફોન કરીને કહ્યું, અમે હવે લડાઈ બંધ કરી રહ્યા છીએ. તેમના એશિયા પ્રવાસના અંતિમ તબક્કા દરમિયાન, તેમણે દક્ષિણ કોરિયામાં કહ્યું હતું કે અમેરિકા અને ભારત લાંબા સમયથી પડતર વેપાર કરાર પર હસ્તાક્ષર કરશે. વધુમાં, તેમણે પીએમ મોદી વિશે કહ્યું કે, "...જો તમે ભારત અને પાકિસ્તાનને જુઓ, તો હું ભારત સાથે વેપાર કરાર કરી રહ્યો છું, અને મને વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે ખૂબ આદર અને પ્રેમ છે. અમારા ખૂબ જ સારા સંબંધો છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે વધુમાં કહ્યું કે તેમના ભારત અને પાકિસ્તાન બંને સાથે ઉત્તમ સંબંધો છે.

### પાકિસ્તાનમાં કિલો આદુના ૭૫૦

# પાકિસ્તાનમાં એક ટામેટાનો ભાવ ૭૫ રૂપિયાથી પણ વધુ

### RBIના રજાના કેલેન્ડર મુજબ, ૩૧ માર્ચના રોજ દેશના મોટાભાગના વિસ્તારોમાં બેંકોમાં રજા હતી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩૦ ।

થોડા સમય પહેલાં જે પાકિસ્તાની મંત્રીઓ ભારતને પરમાણુ બોમ્બની ધમકીઓ આપતા હતા, આજે ત્યાં એક ટામેટાની કિંમત રૂ.૭૫ થતાં દેશની આંખોમાં આંસુ આવી ગયા છે અને સંસદમાં નેતાઓ વિલાપ કરી રહ્યા છે.

અગાઉ, મંત્રી શેખ રશીદે ધમકી આપી હતી કે પાઉ-પાઉ ભરના બોમ્બ કોના માટે રાખ્યા છે, પરંતુ ઓપરેશન સિંદૂર બાદ ભારતે પાકિસ્તાની હથિયારો પર ભારે તબાહી મચાવતા પાકિસ્તાની સેના ઘૂંટણિયે પડી ગઈ હતી અને હવે દેશ મોંઘવારીના મારથી પીડાઈ રહ્યો છે. ટામેટાંની કિંમતમાં એક જ મહિનામાં ૪૦૦%નો ઉછાળો આવ્યો છે, જેના કારણે ભાવ રૂ.૬૦૦ પ્રતિ કિલો થઈ ગયો છે અને એક ટામેટું રૂ.૭૫માં મળે છે. આટલા મોટા ઉછાળાને કારણે પાકિસ્તાનના લોકોમાં ભારે ગુસ્સો છે અને રસ્તાઓથી લઈને સંસદ સુધી હોબાળો ચાલી રહ્યો છે.

પાકિસ્તાની સંસદમાં થયેલા હોબાળા વચ્ચે કેટલાક સાંસદોએ ટામેટાં ખરીદવા માટે લોનની માંગણી કરી છે. કેટલાક સાંસદોએ પાકિસ્તાનના તે દિવસોને યાદ કર્યા, જ્યારે સસ્તી કિંમતે ટામેટાં મળતા હતા. ટામેટાંની કિંમતને લઈને એક પાકિસ્તાની સાંસદનો વીડિયો પણ ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સાંસદ કહી રહ્યા છે કે, આ ટામેટું અહીં લાવવું ખૂબ મુશ્કેલ હતું. અમારા સહયોગી ફારુખ સાહેબનો આનો ઈન્તજામ કરવા બદલ આભાર. આ ટામેટાની કિંમત રૂ.૭૫ છે.

પાકિસ્તાનમાં મોંઘવારી આટલી બધી વધવા પાછળનું મોટું કારણ પાકિસ્તાન-અફઘાનિસ્તાન બોર્ડરનું બંધ થવું છે. ૧૧ ઑક્ટોબરથી બંને દેશો વચ્ચે હવાઈ હુમલાઓ પછી બંને દેશો વચ્ચેનો વેપાર સંપૂર્ણપણે ઠપ થઈ ચૂક્યો છે. હાલમાં ઈસ્તંબુલમાં થયેલી શાંતિ વાટાઘાટો પણ નિષ્ફળ રહી છે.

### અત્યાર સુધી ૧૫૦૦ કરોડ રૂપિયાનો બાંધકામ ખર્ચ થયો

# રામ ભક્તોએ અત્યાર સુધીમાં 3000 કરોડથી વધુનું દાન આપ્યું

। (એજન્સી) અયોધ્યા, તા.૩૦ ।

રામ ભક્તો માટે અયોધ્યાથી મોટા સમાચાર આવ્યા છે. તાજેતરમાં, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે જાહેરાત કરી છે કે, ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું નિર્માણ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયું છે. મુખ્ય મંદિરની સાથે, ભગવાન શિવ, ભગવાન ગણેશ, ભગવાન હનુમાન, સૂર્યદેવ, દેવી ભગવતી અને દેવી અન્નપૂર્ણાના મંદિરો પણ તૈયાર થઈ ગયા છે.

આ બધા મંદિરોમાં ધ્વજસ્તંભ અને કળશ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સાથે, રામ જન્મભૂમિ સંકુલમાં ૨૫ નવેમ્બરના રોજ યોજાનાર ધ્વજારોહન સમારોહની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. મંદિર નિર્માણ પૂર્ણ થવાના પ્રસંગે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આયોજિત ભવ્ય ઉજવણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ દરમિયાન, રામ મંદિરના નિર્માણ અંગે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. રામ મંદિરના નિર્માણ માટે



દાન અભિયાન દરમિયાન, ભારત અને વિદેશના લાખો રામ ભક્તોએ ઉદારતાથી રૂ.૩,૦૦૦ કરોડથી વધુનું યોગદાન આપ્યું છે.

મકાન નિર્માણ સમિતિના અધ્યક્ષના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં આશરે રૂ.૧,૫૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે, જેનો અર્થ એ છે કે, બાંધકામ કાર્ય પર આટલો ખર્ચ કરવામાં આવ્યો છે. મંદિર સંકુલમાં બાકી રહેલા ચાલુ કાર્ય સહિત કુલ ખર્ચ આશરે રૂ.૧,૮૦૦ કરોડ હોવાનો અંદાજ છે.

અધ્યક્ષે જણાવ્યું હતું કે, શરૂઆતમાં આટલું મોટું નાણાકીય યોગદાન અપેક્ષિત નહોતું, પરંતુ રામ ભક્તોની શ્રદ્ધાને કારણે તે શક્ય બન્યું છે. તેમણે જણાવ્યું હતું કે, રામ ભક્તોએ જે ભક્તિભાવથી દાન આપ્યું છે, તે પોતાનામાં એક નોંધપાત્ર ઉદાહરણ છે. આ દરમિયાન, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ૨૫ નવેમ્બરના રોજ યોજાનાર એક ખાસ કાર્યક્રમમાં ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ મહેમાનોને આમંત્રણ આપ્યું છે. મહત્વનું છે કે, ૨૦૨૨ થી રામ મંદિર નિર્માણમાં દાન આપનારાઓને આમંત્રિત કરવાની યોજનાઓ બનાવવામાં આવી છે.

ભવન નિર્માણ સમિતિએ જણાવ્યું હતું કે, મંદિરના નિર્માણમાં સામેલ તમામ વ્યક્તિઓ, સંગઠનો અને કંપનીઓનું પણ સન્માન કરવામાં આવશે. ૨૫ નવેમ્બર પછી એક ખાસ સન્માન સમારોહ યોજાશે, જ્યાં રામ મંદિરના નિર્માણમાં યોગદાન આપનારા તમામ લોકોને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવશે.

# સદીનું સૌથી ભયાનક વાવાઝોડું 'મેલિસા' જમૈકા પર ત્રાટક્યું

। (એજન્સી) જીનિવા, તા.૩૦ ।

સદીનું સૌથી ભયાનક વાવાઝોડું મેલિસા મંગળવારની મોડી રાત્રે જમૈકા પર ત્રાટક્યું હતું. કેટેગરી-૫ના આ ચક્રવાતી તોફાનને કારણે ૩૦૦ કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાયો હતો. આ વાવાઝોડાથી ભારે વિનાશ સર્જાવાની આશંકા છે. વાવાઝોડા પહેલા ભારે વરસાદને પગલે જમૈકામાં ત્રણ, હૈતીમાં ત્રણ, અને ડોમિનિકન રિપબ્લિકમાં એક એમ કુલ સાત લોકોના મોત થયા હતાં. વર્લ્ડ મીટીઓરોલોજીકલ ઓર્ગેનાઈઝેશનના નિષ્ણાતે જીનીવામાં એક બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે જમૈકામાં વિનાશક સ્થિતિ ઊભી થવાની શક્યતા છે. જમૈકા માટે તે ચોક્કસપણે સદીનું સૌથી ભયાનક વાવાઝોડું હશે. ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ધ રેડ ક્રોસનો અંદાજ મુજબ જમૈકામાં ૧૫ લાખ લોકો સીધી રીતે પ્રભાવિત થશે. મકાના છાપરાની કસોટી થશે અને ચોતરફ પૂર આવશે. સત્તાવાળાઓએ દરિયાકાંઠાના અનેક સમુદાયો માટે ફરજિયાત સ્થળાંતરના આદેશો જારી કર્યા હતાં. સમગ્ર ટાપુ પર સેંકડો આશ્રયસ્થાનો ખોલવામાં આવ્યા છે.યુએસ નેશનલ હરિકેન સેન્ટરએ જણાવ્યું હતું કે મેલિસા એક અત્યંત ખતરનાક મોટા વાવાઝોડા તરીકે જમૈકા અને દક્ષિણપૂર્વ ક્યુબા સુધી પહોંચવાની ધારણા છે.

## ખાસ લેખ

### માધવપુર ઘેડનો મેળો । જાણો શું છે માધવપુર ઘેડના મેળાનો મહિમા!

# એક પત્ર વાંચી ભગવાન શ્રી કૃષ્ણ રુક્ષ્મણીજીને માધવપુર ઘેડ લઇ આવ્યા હતા અને લગ્ન કર્યા

। (એજન્સી) ટોકિયો, તા.૩૦ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર પોતાના અનોખા અંદાજના કારણે ચર્ચામાં છે. જાપાન મુલાકાત દરમિયાન ટ્રમ્પને સન્માનમાં ગાર્ડ ઑફ ઑનર અપાઈ રહ્યું હતું, તે દરમિયાન તેઓ કોઈ મ્યુઝિક વીડિયો શૂટ કરી રહ્યા હોવ તેવું લાગી રહ્યું હતું. તેમણે સૈનિકોને સલામી આપવા માટે હાથ ઉઠાવ્યો, પણ તુરંત જ હાથ નીચે કરી દીધો, બાદમાં ચાલવા લાગ્યા. જાપાનના વડાંપ્રધાન સાને તાકાઈચીએ તેમને દોરવણી આપતાં જોવા મળ્યા હતાં. સોશિયલ મીડિયા પર આ વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે.

ટ્રમ્પ મંગળવારથી ત્રણ દિવસીય જાપાન મુલાકાતે છે. જાપાનના નવા વડાંપ્રધાન સાને તાકાઈચીની હાજરીમાં ટોક્યોમાં ગાર્ડ ઑફ ઑનરની સાથે તેમનું સેરેમોનિયલ વેલકમ કરવામાં આવ્યું હતું. પરંતુ તેમને અંદાજ ન હતો કે, સેરેમોનિયલ વેલકમ દરમિયાન એક હેડ ઑફ સ્ટેટ કેવી રીતે વર્તે છે. જેના લીધે તેમની ચાલવાની ઢબ અને વર્તનની







સોશિયલ મીડિયા પર હાંસી ઉડી રહી છે.

ટ્રમ્પને જ્યારે ગાર્ડ ઑફ ઑનર અપાઈ રહ્યું હતું, ત્યારે તેઓ પ્રોટોકોલ ભૂલ્યા હતા. તેમણે લોકોને સલામી આપવા પોતાનો હાથ ઉઠાવ્યો હતો. બાદમાં અચાનક સલામી આપ્યા વિના જ હાથ નીચે કર્યો હતો. તેમને અચાનક યાદ આવ્યું કે, આ પ્રોટોકોલમાં નથી. વધુમાં તેમણે જાપાનના વડાંપ્રધાનની સાથે ચાલવાનું હતું, અને એક સ્થળે રોકાવાનું હતું. પરંતુ તેઓ આગળ આગળ ચાલી રહ્યા હતા. જાપાનના વડાંપ્રધાને ટ્રમ્પે રોકાવાનો ઈશારો કર્યો હોવા છતાં ટ્રમ્પે ધ્યાન ન આપ્યું. અને આગળ-આગળ ચાલતાં રહ્યાં. વીડિયો જોઈને લાગી રહ્યું હતું કે, તેઓ અલગ જ દુનિયામાં ખોવાયેલા હોય. જો કે, જાપાનના વડાંપ્રધાને રોકાઈને પ્રોટોકોલનું પાલન કર્યું.

વડાંપ્રધાન તાકાઈચીએ ટ્રમ્પને દોડીને રોક્યા હોય તેવુ લાગી રહ્યું હતું. તેઓ ઝડપથી ટ્રમ્પની નજીક પહોંચ્યા અને તેમણે ટ્રમ્પને કંઈક કહ્યું. આટલું જ નહીં, ટ્રમ્પે એક મંચ પર જવાનું હતું, જેના માટે એક ગાર્ડે તેમને ગાઈડ કર્યા, પરંતુ ટ્રમ્પે ગાર્ડને પણ નજરઅંદાજ કર્યો અને લટાર મારવા નીકળ્યા હોય તેમ ચાલી રહ્યા હતા. તેમને કંઈ જ ખબર પડી રહી ન હોય તેવુ લાગી રહ્યું હતું. અંતે જાપાનના વડાપ્રધાને તેમને રસ્તો બતાવ્યો અને ટ્રમ્પ મંચ સુધી પહોંચ્યા. ઉલ્લેખનીય છે, ટ્રમ્પે આવું પહેલી વાર નથી કર્યું. અવારનવાર તેઓ પોતાના આ પ્રકારના વર્તન માટે સોશિયલ મીડિયા પર છવાયેલા રહ્યા છે. થોડા દિવસ પહેલાં ટ્રમ્પે ભારતને એવો દેશ ગણાવ્યો હતો, જ્યાં દર વર્ષે એક નવા વડાપ્રધાન બને છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ જો બાઈડેન પણ આ પ્રકારના વર્તન માટે સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં રહ્યા હતાં. ટ્રમ્પને જ્યારે ગાર્ડ ઑફ ઑનર અપાઈ રહ્યું હતું, ત્યારે તેઓ પ્રોટોકોલ ભૂલ્યા હતા. તેમણે લોકોને સલામી આપવા પોતાનો હાથ ઉઠાવ્યો હતો. બાદમાં અચાનક સલામી આપ્યા વિના જ હાથ નીચે કર્યો હતો. તેમને અચાનક યાદ આવ્યું કે, આ પ્રોટોકોલમાં નથી. વધુમાં તેમણે જાપાનના વડાંપ્રધાનની સાથે ચાલવાનું હતું, અને એક સ્થળે રોકાવાનું હતું. પરંતુ તેઓ આગળ આગળ ચાલી રહ્યા હતા. જાપાનના વડાંપ્રધાને ટ્રમ્પે રોકાવાનો ઈશારો કર્યો હોવા છતાં ટ્રમ્પે ધ્યાન ન આપ્યું. અને આગળ-આગળ ચાલતાં રહ્યાં. વીડિયો જોઈને લાગી રહ્યું હતું કે, તેઓ અલગ જ દુનિયામાં ખોવાયેલા હોય. જો કે, જાપાનના વડાંપ્રધાને રોકાઈને પ્રોટોકોલનું પાલન કર્યું.

વડાંપ્રધાન તાકાઈચીએ ટ્રમ્પને દોડીને રોક્યા હોય તેવુ લાગી રહ્યું હતું. તેઓ ઝડપથી ટ્રમ્પની નજીક પહોંચ્યા અને તેમણે ટ્રમ્પને કંઈક કહ્યું. આટલું જ નહીં, ટ્રમ્પે એક મંચ પર જવાનું હતું, જેના માટે એક ગાર્ડે તેમને ગાઈડ કર્યા, પરંતુ ટ્રમ્પે ગાર્ડને પણ નજરઅંદાજ કર્યો અને લટાર મારવા નીકળ્યા હોય તેમ ચાલી રહ્યા હતા. તેમને કંઈ જ ખબર પડી રહી ન હોય તેવુ લાગી રહ્યું હતું. અંતે જાપાનના વડાપ્રધાને તેમને રસ્તો બતાવ્યો અને ટ્રમ્પ મંચ સુધી પહોંચ્યા. ઉલ્લેખનીય છે, ટ્રમ્પે આવું પહેલી વાર નથી કર્યું. અવારનવાર તેઓ પોતાના આ પ્રકારના વર્તન માટે સોશિયલ મીડિયા પર છવાયેલા રહ્યા છે. થોડા દિવસ પહેલાં ટ્રમ્પે ભારતને એવો દેશ ગણાવ્યો હતો, જ્યાં દર વર્ષે એક નવા વડાપ્રધાન બને છે. ટ્રમ્પને જ્યારે ગાર્ડ ઑફ ઑનર અપાઈ રહ્યું હતું, ત્યારે તેઓ પ્રોટોકોલ ભૂલ્યા હતા. તેમણે લોકોને સલામી આપવા પોતાનો હાથ ઉઠાવ્યો હતો. બાદમાં અચાનક સલામી આપ્યા વિના જ હાથ નીચે કર્યો હતો. તેમને અચાનક યાદ આવ્યું કે, આ પ્રોટોકોલમાં નથી. વધુમાં તેમણે જાપાનના વડાંપ્રધાનની સાથે ચાલવાનું હતું, અને એક સ્થળે રોકાવાનું હતું. પરંતુ તેઓ આગળ આગળ ચાલી રહ્યા હતા.

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**Water Operation (E.&M.-East) Department**
**Short e-Tender Notice**

| Sr. No | Description |
|---|---|
| 1 | Comprehensive work for lifting lowering, installing and testing of bore well at site with rewinding and repairing of sub. Pump motor set with all consumable items. |

| | |
|---|---|
| Last Date & Time of Online Tender submission | Date: 10/11/2025 up to 18:00 Hrs. |
| Hard Copy submission up to: | Date: 11/11/2025 up to 15:00 Hrs. |
| Date of Tech. Bid Opening | Date: 11/11/2025 up to 16:00 Hrs. |
| Detail and Tenders available on | www.tender.nprocure.com |

सत्यमेव जयते
ગુજરાત સરકાર

Ministry of Home Affairs
Government of India

STATUE OF UNITY
एक भारत, श्रेष्ठ भारत.

राष्ट्रीय एकता दिवस
31 अक्टूबर 2025

150મી જન્મ જયંતિ નિમિત્તે
લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શત્ શત્ નમન

# રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૫



## માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલિ તેમજ રાષ્ટ્રજોગ સંબોધન

### વિવિધ કાર્યક્રમો:

- એકતા પરેડ
- બ્રાસ બેન્ડની પ્રસ્તુતિ
- હોર્સ, ડોગ અને કેમલ દળનું નિદર્શન
- મહિલાઓ દ્વારા માર્શલ આર્ટનું નિદર્શન
- સીમા સુરક્ષાદળ દ્વારા ડોગ શો
- ડેર ડેવિલ રાઈડર્સ શો
- સ્કૂલ બેન્ડની પ્રસ્તુતિ
- ભારતીય વાયુ સેના દ્વારા એર શો
- સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પર આધારિત નાટક 'લોહ-પુરુષ' ની પ્રસ્તુતિ
- એકતા પ્રકાશ પર્વનો ઉત્સવ
- ભારત પર્વના અવસર પર 1 થી 15 નવેમ્બર સુધી રાજ્યોની પ્રદર્શની

**" સરદાર પટેલે આપણને 'એક ભારત' આપ્યું,
જેને 'શ્રેષ્ઠ ભારત' બનાવવાની જવાબદારી આપણી છે "
– વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી**

**તારીખ: 31 ઑક્ટોબર 2025 શુક્રવાર | સમય: સવારે 07:00 વાગ્યાથી
સ્થળ: પરેડ ગ્રાઉન્ડ, સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર, ગુજરાત.**

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS

